# તારક જિનાજ્ઞા

સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
ન્યાયવિશારદ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અને તેઓશ્રીના પટ્ટધર
પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યાત્મવાણી પ્રસરાવતું માસિક પત્ર

વર્ષ-૧૭ ✽ વિ.સં. ૨૦૭૩ ❖ અષાઢ ❖ તારીખ : ૧-૭-૨૦૧૭ ❖ અંક-૮


## પ્રભુના આશરે ઠામોઠામ સુખ

સંઘહિતચિંતક પૂજ્ય આચાર્ય
શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે શ્રી પદ્મપ્રભસ્વામીના સ્તવનમાં ગાયું કે, -

**'વાચક જશ કહે એહિ જ આશરે, સુખ લહું ઠામો ઠામજી... સુગુણ સનેહા રે કદીય ન વીસરે.'**

કવિને તીર્થંકર ભગવાન પર એટલો બધો વિશ્વાસ અને ભગવાનની એટલી બધી હુંફ છે કે એ કહે છે કે, 'ભગવાનના આશ્રયે હું તો ઠામોઠામ સુખ પામું છું. આવા મારા સુગુણ સ્નેહી પ્રભુ મને ક્યારેય ભૂલાતાં નથી.' ત્યારે એ વિશ્વાસ અને હુંફ કેટલી ? આપણે ય દાવો તો રાખીએ કે મને પ્રભુ પર વિશ્વાસ છે, પણ તપાસવું જોઈએ કે, 'પ્રભુથી સુખ જ સુખ મળે, એવી શ્રદ્ધા છે ખરી ?' 'મને તો ઠામ ઠામ સુખ જ દેનાર પ્રભુજી મળી ગયા છે, મારે શી ફિકર છે ?' એવી હુંફ ખરી ? 'આવા સ્નેહી જગતમાં શોધ્યા ન મળે એટલે એમને ભૂલ્યા ભૂલાય એમ નથી.' એમ પ્રભુજી અંગે મનને થાય છે ખરું ?

ઠીક છે મહાપુરુષો લખી ગયા છે, એટલે શ્રદ્ધા કરી લઈએ કે 'પ્રભુના આશ્રયે ઠામોઠામ સુખ મળે.' પણ મનને કેમ જાણે એમ વસવસો રહ્યા કરતો હોય કે 'મને તો એક દુઃખ, ને બીજું, ને ત્રીજું...એમ દુઃખ તો આવ્યા કરે છે અને પ્રભુનો આશરો તો મેં લીધો છે, તો પ્રભુના આશરાથી ઠામોઠામ સુખ જ સુખ ક્યાં રહ્યું ?'

ત્યારે અહીં કવિના કહેવાનો ભાવ સમજીએ, તો આ પ્રભુના આશરે ઠામોઠામ સુખનો અનુભવ થાય. ભાવ આ છે :

પહેલું તો, સમજી રાખવું કે દુનિયાના દુઃખ એ દુઃખ નથી, પરંતુ આપણા મનને દુઃખ લાગે એ દુઃખ છે. માણસ કમાઈ લાવીને ખાતો હોય, પાસે મૂડી નથી એ દુઃખ છે, પરંતુ જો એના મનને એની ચિંતા નથી, કેમકે પત્ની સારી મળી છે, તો આનંદ-મસ્તીમાં રહે છે, કશું દુઃખ લાગતું નથી. નોકરિયાતને શેઠની ગુલામી એ દુઃખ છે, પરંતુ જો ભાગીદારોના રગડા જોઈ કે ટેક્ષોના લફરાં જોઈ એના મનને લાગે કે આના કરતાં મારે નોકરી છે એ બરાબર છે, તો એનું દુઃખ લાગતું નથી, રોગીને રોગનું દુઃખ છતાં જો બીજી બાજુ ધીકતો ધંધો, ધીકતી કમાઈ હોય અને મનને સમજતો હોય કે, 'રોગ તો તકદીરની વાત છે,' તો એને રોગનું એવું દુઃખ લાગતું નથી.

પરંતુ દુઃખ ન લાગવાના આ બધા નિમિત્ત તકલાદી છે. સારી પત્ની જો માંદી પડી, નોકરીમાં જ જો એવું કાંઈક લફરું ઊભું થયું, ધીકતી કમાઈ જો બંધ પડી, તો ઉપરોક્ત સંયોગમાં દુઃખ લાગવા માંડે છે. ત્યારે અહીં પ્રભુનો આશરો આવે છે. તે આ રીતે, કે

પ્રભુને આપણા દિલમાં એવી રીતે સ્થાપિત કરીએ કે મારે જીવનમાં મુખ્ય અનુભવ બે જાતના : (૧) બાહ્ય સુખ-દુઃખનો, અને (૨) આન્તર શુભ-અશુભ ભાવનો. **આ બેમાં મહત્ત્વનો છે આન્તર શુભ-અશુભ ભાવનો અનુભવ.**

કેમ કે, બાહ્ય ગમે તેટલા સુખનો અનુભવ હોય છતાં જો અંદરમાં ભાવ અશુભ છે, ચિત્ત મદ-માન-વિષયલંપટતા વગેરેથી કલુષિત છે, તો જીવન ધૂળધાણી છે, પુણ્ય વેચીને અઢળક પાપ કમાવાનું થાય છે, અને એક આવા સદ્‌ગતિના ભવમાંથી અનેક દુર્ગતિના ભવો સરજવાનું થાય છે. તો પછી એ સુખ શું કામનું ?

(અનુસંધાન પાના નં. ૧૩૮ ઉપર)

## 'સત્કાર-સન્માન, ન રાખીએ પ્રધાન'

સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્ય
શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ

'કોઈપણ ધર્મક્રિયા નિરાશંસભાવે કરવી જોઈએ' આ વિધાનવાક્ય જેટલું સત્ય છે, એટલી જ સાચી વાત એ છે કે મોટા ભાગના જીવો કે જે એટલી ઊંચી કક્ષાએ પહોંચ્યા નથી હોતાં, તેઓ કોઈને કોઈ ઉદ્દેશપૂર્વક ક્રિયા કરતાં હોય છે, જેમ વેપારી નફાની ગણતરી રાખે છે, વિદ્યાર્થી પાસ થવાનું ધ્યેય રાખે છે, દવા લેતો દર્દી તંદુરસ્તીની અપેક્ષા રાખે છે. એમ સાધક પણ કોઈ લક્ષ્ય બાંધીને-તેને નજરમાં-મનમાં રાખીને ચાલતો હોય છે. અને ઘણીવાર જોઈ શકાય છે કે જ્યાં સુધી તેની અપેક્ષિત વસ્તુ વગેરે ન મળે, ત્યાં સુધી તેના સતત વિચારો જ તેને ઉત્સાહવંત-પ્રયત્નશીલ રાખતાં હોય છે.

પરંતુ અહીં વિવેક એ હોવો જોઈએ કે અપેક્ષા કઈ અને શેની રાખી શકાય ? કરાતી સાધના-ક્રિયાની જે તાકાત છે તે તેની સામે અપેક્ષા-ધ્યેય એટલું એવું નાનું-તુચ્છ ન હોવું જોઈએ કે લાખના સાડાબાર હજાર થાય.

સંસ્કૃત સુભાષિતકારે એક પંક્તિમાં આ સૂચન કર્યું છે : "नो पूयणं तवसा आवहेज्जा" ન આવહેજ્જા=પ્રાપ્ત ન કરે-ધારણ ન કરે...

નિકાચિત કર્મોને પણ તોડવાનું સામર્થ્ય ધરાવનાર તપ કરતાં જોઈને બીજા સાધુઓ-લોકોને આદર થાય, વંદન-પૂજન-સત્કાર-સન્માન કરે તે સમયે આ મળતી પૂજાને ધારણ ન કરે એટલે કે એ માટે ન કરે અને મળે તો તેમાં ગર્વ ન કરે. પૂજા માટે એટલે તપ, અર્થાપત્તિથી આચાર-ગુણ વગેરેમાં પૂજાદિનો ઉદ્દેશ ન રાખવો.

**પ્રશ્ન : લોકો બીજાને પૂજ્ય ક્યારે માને ? શેના કારણે માને ?**

ઉત્તર : જેમ લોકમાં ભૌતિક શક્તિથી ન્યૂન-રહિત વ્યક્તિ તે શક્તિ સંપન્ન વ્યક્તિને ચડિયાતી માને, તે ભૌતિક શક્તિ પોતાને મળે અથવા તે સંપન્ન વ્યક્તિ આંશિક સહાય કરે માટે તેના પ્રત્યે આદર-રાખે-ભક્તિ કરે.

તેમ આચાર-ગુણ-તપ વગેરે જેને ગમે છે અને તે આચારાદિ બીજામાં જુવે ત્યારે આચારાદિ ઉત્તમ છે અને તે ઉત્તમવસ્તુ સામેવાળામાં છે માટે એ ય ઉત્તમ છે, આદરણીય છે, ગૌરવયોગ્ય, સત્કારણીય છે; એમ સમજી-વિચારીને તેઓ આચાર સંપન્ન-ગુણવંત-તપસ્વી જીવો પર પ્રેમ-ભક્તિ રાખે છે અને માન-સન્માન આપે છે.

લોકોની અપેક્ષાએ આ તપાદિ આદરણીય છે અને તેનાથી તે સંપન્ન એ પણ પૂજનીય છે. માટે લોકદૃષ્ટિથી તે પૂજાદિ કરવા એ ગુણ છે.

પરંતુ જે તપાદિ કરી રહ્યા છે, તેઓએ તો આ ગુણોની કિંમત અમાપ-સર્વોત્તમ છે તેને લક્ષમાં રાખી લોકો દ્વારા મળતાં પૂજા-સત્કારને મહત્ત્વ ન આપવું-તેના માટે તપાદિ છે તેમ ન સમજવું. અર્થાત્ પૂજા-સત્કાર એ અતિઅલ્પપુણ્યથી ય મળે છે, જ્યારે આચારાદિ ઘણા કિંમતી છે. માટે મોક્ષપ્રાપક એવા આચાર-તપાદિ ભૌતિક ઉદ્દેશથી ન ખર્ચવા. આ વાત દરેક ધર્મક્રિયા માટે સમજવી.

આધ્યાત્મિક શક્તિઓ ભૌતિક ઉદ્દેશ માટે ન કલ્પવી-દુન્યવી લાભ ન ઈચ્છવો. કેમકે આધ્યાત્મિક સાધકને ભૌતિક પુણ્ય-પદાર્થો-શક્તિઓ મળવાના જ છે, પરંતુ તે કાંઈ માલ નથી, ઉપરનું બારદાન-બોક્ષ-રેપર છે. બારદાન સુંદર મળી જાય એટલે તેમાં જ સંતોષ ન મનાય, તેમાં લોભાઈ જવાય નહીં. કારણ સાચું ફળ તો અંદર છે જે હકીકતમાં પ્રાપ્ય-કલ્યાણકારી હોય છે.

આધ્યાત્મિક સાથે ભૌતિક સંકળાયેલ છે અર્થાત્ તે સાથે આવે

(અનુસંધાન પાના નં. ૧૩૮ ઉપર)

(અનુસંધાન પાના નં. ૧૩૭ નું)

ત્યારે જો બાહ્ય દુઃખનો અનુભવ છે, પરંતુ જો અંતરમાં મૈત્રી આદિ ભાવ, વૈરાગ્ય, ત્યાગ-તપના ભાવ, દયા, ક્ષમા-નમ્રતા-નિર્લોભતા વગેરે શુભ ભાવનો અનુભવ ચાલી રહ્યો છે, તો બાહ્ય દુઃખથી પાપ વેચીને અઢળક પુણ્ય ખરીદવાનું થાય, તો પછી બાહ્ય દુઃખ શું રોવાનું ?

અહીં પ્રભુનો આશરો કામ આપે છે. જો આપણે આપણા દિલમાં એ વિચારીએ કે 'શાન્તિનાથ ચક્રવર્તી જેવા મારા પ્રભુએ જબરદસ્ત કોટિના સુખ શું, કે ચારિત્રજીવનના મહાન કષ્ટ શું, અને મહાવીર પ્રભુ જેવાએ વેઠેલ ભયંકર દેવતાઈ ઉપદ્રવના દુઃખ શું, એ સુખ-દુઃખને એમણે કશી વિસાતમાં ગણ્યા નથી, પરંતુ અંતરના ભાવને મહત્ત્વના લેખી દિલમાં અદ્‌ભુત લોકોત્તર શુભ ભાવોનો પ્રવાહ અખંડ વહેતો રાખ્યો છે, તો હું ધ્યાનમાં રાખી શા સારૂ બાહ્ય સુખ-દુઃખને મહત્ત્વ આપું ને એમ કરીને ચિત્તના ભાવ બગાડવાની મૂર્ખાઈ કરું ? મારે તો પ્રભુના આલંબને અંતરના ભાવ જ શુભ જાળવી રાખવાનો પ્રયત્ન રહો. સુખના અનુભવ કરતાં શુભ ભાવનો જ અનુભવ રાખું.'

આ જો પ્રયત્ન આવી જાય તો તો પ્રભુના આશરે બાહ્ય દુઃખમાં ય શુભ ભાવની મસ્તી આવી જવાથી સુખ જ સુખ છે; ને એવું પ્રભુના આલંબને બનવાથી કહેવાય કે પ્રભુના આશરે ઠામોઠામ સુખ છે.

અલબત્ત, આમાં એ શોધી કાઢવું જોઈએ કે કેવા કેવા દુઃખ વખતે પ્રભુએ કેવો કેવો શુભ ભાવ રાખ્યો હશે; ને એ શોધીને આપણા મનમાં એની કેળવણી કરતાં રહેવું જોઈએ. દા.ત. ઘોર તપસ્યાના કષ્ટ વખતે કર્મ અને રાગાદિ કચરો સાફ થતો રહી **આત્મસુવર્ણ શુદ્ધ થઈ રહ્યું** હોવાનો મહાસંતોષ હોય. દિવસ ઉપરાંત રાત્રિભર કાયોત્સર્ગધ્યાને ખડા રહેવાના કષ્ટ વખતે **આત્માનું સત્ત્વ વિકસતું** રહેવાનો-આનંદ હોય. એવું જ રાતભર ખુલ્લા બદને ઠંડીનું કે ડાંસમચ્છરનું કષ્ટ સહતાં **સંયમ ખીલવાનો** તોષ રહે. કોઈનું અપમાન-તિરસ્કાર-પ્રહાર આવતાં અંતરની **ક્ષમા-સમતાની સમૃદ્ધિ કમાવા કરવાનો** આનંદ હોય.

સારાંશ, પ્રભુના જીવન પ્રસંગોનું આલંબન રાખવાથી શુભ ભાવ જાળવવાની જ તકેદારી રહે, અને તેથી ઠામોઠામ સુખ લાગે. એટલે જ પૂર્વે કહેલા દાખલામાં,- મૂડી નથી એમાં પ્રભુનો 'અલ્પ-પરિગ્રહ એ મહાન ગુણસંપત્તિ હોવા' નો ઉપદેશ યાદ કરી આનંદ હોય. અથવા 'સારી પત્ની કરતાં સારા પ્રભુ મળ્યાની ભારે હુંફ હોય. નોકરીમાં બાકીના સમયે વેપારાદિની કોઈ ચિંતા વિચારોના લફરાં નહીં પ્રભુને નિરાંતે ભજી શકાય એનો આનંદ હોય. રોગમાં ય જિનભક્તિ ભગવત્સ્મરણ-શ્રદ્ધા-વ્રતનિયમ-તત્ત્વભાવના વગેરે કે જે પશુ આદિને અને કેટલાય માણસોને મળ્યા નથી એ અમૂલ્ય ધન મળ્યાનો આનંદ આનંદ હોય.

એમ પૂર્વોક્ત આત્મસુવર્ણ શુદ્ધિ, સત્ત્વવિકાસ, સંયમસાધના, ક્ષમા-સમતાદિ સમૃદ્ધિની કમાઈ વગેરે પ્રભુના દૃષ્ટાંતથી કમાતા રહેવાનું લક્ષ હોય એટલે ઠામ ઠામ સુખ લાગે. ●

(અનુસંધાન પાના નં. ૧૩૭ નું)

જ છે, પણ ભૌતિક સાથે આધ્યાત્મિક સંકળાયેલ બહુધા નથી હોતું. ગુણ આવે તેની પાછળ પુણ્ય-પૂજા આવે જ પણ પૂજા-સત્કાર મળે એટલે ગુણ આવી ન જાય. માટે કહ્યું તપ વડે પૂજા-સત્કાર ન ઈચ્છે-ન સ્વીકારે.

ગુણવાન આત્માઓ પૂજા-સન્માન મળે કે ન મળે તે લક્ષ્ય નથી રાખતાં, જ્યારે પૂજા ઈચ્છનાર પોતાનામાં ગુણ છે કે નહીં તેને મહત્ત્વ નથી આપતાં. જે જીવનમાં-લક્ષ્યમાં ગુણની પ્રધાનતા રાખે તેને ભૌતિક અપેક્ષાઓ ગૌણ હોય છે અથવા નથી હોતી અને જેને ભૌતિક અપેક્ષાઓ મુખ્ય થાય તેને આધ્યાત્મિક શક્તિઓની કિંમત હોતી નથી અથવા ગૌણ હોય છે. માટે ધર્મકાર્યોમાં-શુભકામમાં ભૌતિક અપેક્ષાઓ ન જ રાખવી એ સર્વોત્તમ છે, છતાં પણ જો રહે-રહેતી હોય તો તેને ગૌણ બનાવવી. 'આવહેજ્જા'નો અર્થ વિશેષરૂપે ન રાખે તે સમજવું.

**પૂજા વગેરે સ્વતઃ સામેથી મળવાની વસ્તુ છે, મેળવવાની ચીજ નથી, મેળવવાની ચીજ તો આચાર સંપન્નતા-ગુણવંતપણું-તપમયતા છે.**

**ભૌતિકવસ્તુ-વ્યક્તિઓ એ મળવાની વસ્તુ છે. આધ્યાત્મિક દોષોની નિવૃત્તિ એ મેળવવાની ચીજ છે.** મળનારી વસ્તુ આદિ માટે ન અપેક્ષા-ન પ્રયત્ન, પુરૂષાર્થસાધ્યમાં જ લક્ષ અને પ્રવૃત્તિ હોવા જોઈએ. અહીં પૂજનના ઉપલક્ષણથી વંદન-પ્રશંસા-સત્કારાદિ લેવા. આ બધુ તપ વગેરેના કારણે લોકો તરફથી મળે તો આનંદ ન માનવો, અને ન મળે તો અરુચિ ન કરવી. જો પ્રાપ્તમાં આનંદ થયો તો અપ્રાપ્તમાં અરુચિ-ગુસ્સો આવવાના, ક્યારેક તે શુભ-ધર્મક્રિયા છોડી દેવાના વિચારો પણ આવે. છૂટી પણ જાય.

આચાર-ગુણો લોકોને તાત્કાલિક-વિશિષ્ટરૂપે દેખાતાં-જણાતાં-અનુભવાતાં નથી, જ્યારે તપ સર્વત્ર વ્યવહારથી કાયાના કષ્ટથી સાધ્ય છે. તેથી તેનું અહીં ગ્રહણ કર્યું.

આચાર અને ગુણો પ્રધાનતયા ઈચ્છાની દૃઢતાથી અને મનની પ્રધાનતાથી સાધ્ય છે તેથી લોકવ્યવહારમાં તપને પ્રધાન બતાવ્યો છે.

બીજી મહત્ત્વની વાત - ભૌતિક આશંસા આંશિક હોવા છતાં આધ્યાત્મિક સાધનાની પ્રધાનતા હોય, તો તે ભૌતિક આશંસાબાધક નથી બનતી. અને તે કાળક્રમે નીકળી જાય છે. માટે અપેક્ષાએ ધર્મવૃદ્ધિનું સાધન છે. પ્રધાન આશંસા ભાવધર્મરહિત હોય છે અને વ્યવહારધર્મરહિત થવાનું કારણ છે. પ્રધાન આશંસા ભાવધર્મરહિત થયેલાને હોય છે, તેથી તે પછી દ્રવ્યધર્મથી પણ રહિત થાય.

આંશિક આશંસા ભાવધર્મવાળાને અને ભાવધર્મની યોગ્યતાવાળાને હોય અને એને આંશિક આશંસાપૂર્તિની સાથે કાળક્રમે આશંસા નિવૃત્તિ પણ થાય છે, અને ભાવધર્મની વૃદ્ધિ થાય છે.

ટૂંકમાં, ભાવધર્મમાં આંશિક આશંસા બાધક થતી નથી, પ્રબલ આશંસા પ્રાયઃ બાધક બને. ચાલુ વ્યવહારમાં આશંસાથી નિવૃત્ત બનવું. ●

## સિદ્ધાંત દિવાકર
## એક પ્રગટ્યો તેજ સિતારો...

### માટુંગામાં માતંગજો...

અતીતના ઝરૂખેથી ઊભા ઊભા જ્યારે ઈતિહાસનું અવલોકન કરીએ, ત્યારે જણાઈ આવે છે કે શ્રી શત્રુંજયતીર્થ જેવા તીર્થોમાં ઉજવાતી અંજનશલાકા પ્રતિષ્ઠામાં શ્રી આનંદવિમલસૂરીશ્વરજી વગેરે જિનશાસનના માતંગજો એક મંડપે મળ્યા અને ભળ્યા હતાં.

પણ, શું તમને ક્યારેય એવો વિચાર આવ્યો કે એક નાનુ'શું મંદિર હોય, ૩૧''ના પ્રતિમાજી હોય, તે ય માત્ર ત્રણ જ, પ્લોટના ગેરેજ વિભાગમાં પ્રભુ પ્રતિષ્ઠાની વેદિકા રચાઈ હોય તેવા જિનાલયની પ્રતિષ્ઠામાં એકથી અધિક આચાર્યોની નિશ્રા પ્રાપ્ત થાય ?

હા, થઈ શકે છે જો સાહેબજી જેવા સંઘ એકતાના સૂત્રધારો હાજર હોય તો.

આખરે, બધું જ અસંભવિતને સંભવિત કરવા તો સાહેબનું અવતરણ થયું છે ને !

ત્યારની આ વાત છે જ્યારે માટુંગાનો શ્રીસંઘ સાહેબની પાસે વિનંતી માટે આવ્યો હતો શ્રી સુમતિનાથ વિ. ૩ જિનબિંબ પ્રતિષ્ઠાની.

એક ભવ્ય ઈતિહાસના એ સમયે બીજ વવાયા જ્યારે સાહેબે સહજ સ્વરે કહ્યું કે 'હું એકલો જ શું કામ ? મુંબઈમાં બિરાજમાન માત્ર અમારા સમુદાયના જ આચાર્યો નહીં; કિંતુ તપાગચ્છના તમામ આચાર્યોને વિનંતિ કરો' !!!

માટુંગાની અને સાહેબની ત્યારથી લેનાદેની ચાલુ થઈ, જ્યારથી સાહેબના સહજ ઉચ્ચારાયેલ વચનોને માટુંગા સંઘ ઝીલતો થયો.

મુંબઈનો સુપ્રતિષ્ઠિત તે શ્રીસંઘ પ્રતિષ્ઠા-નિશ્રાપ્રદાનની વિનંતી માટે સેન્ટ્રલ-વેસ્ટન અને હાર્બર ત્રણેય લાઈનમાં ફરી વળ્યો.

જ્યાં જ્યાં 'આચાર્ય ભગવંત બિરાજમાન છે'. તેવા સમાચાર મળ્યા કે વિનંતી માટે તે સંઘ તરત જ ઉપડી જતો ઉલ્લાસભેર. તેમાં ય 'જે આચાર્ય હોય તે બધાને વિનંતિ કરો; મારાથી મોટા હોય તો ય' તેવી સાહેબની ઈચ્છા હતી. પછી ઉલ્લાસ અને ઉત્સવમાં ઉણપ શું હોય ?

મુંબઈ માટે જ નહીં, કિંતુ ભારતવર્ષ માટે તે સુવર્ણ દિન ઉગ્યો જે દિવસે યાને વિ.સં.૨૦૫૫, વૈ.વ.૧૩, તા.૧૩-૫-૧૯૯૯ ના દિવસે માટુંગા કિંગસર્કલ, જીવણ અબજી ઉપાશ્રયના ગેરેજ જેટલા નાના જિનાલયે એક સાથે ૨૫-૨૫ આચાર્ય ભગવંતોની પધરામણી થઈ.

તે દૃશ્ય જોવાનો બડભાગી હું ન'તો, કિંતુ જ્યારે માનસ ચિત્ર રચાય ત્યારે ય રોમાંચ ખડા થઈ જાય છે. વિચાર તો કરો તે દૃશ્ય કેવું તરલ અને વિરલ હશે ? તે દૃશ્યને માણનાર પણ કેવા વિરલા હશે !

કેમેરાના નાના રોલમાં કેદ કરાયેલ તે દૃશ્યને જ્યારે જોઈએ, ત્યારે હૃદય સહજભાવે બોલવા લાગે :

'ते धन्ना जेहिं दिट्ठोसि !'

'ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.'

એક ઈતિહાસ પછી બીજો ઈતિહાસ રચાય ત્યારે ઈતિહાસની સર્જનની પરંપરા ચાલે છે.

૨૦૫૫ની સાલ એટલે એક તિથિ-બે તિથિનો ભેદ ! સંમિલિત અને સંગઠિત થયેલ ૨૫ આચાર્યોએ તિન થોયના આચાર્યશ્રી જયંતસેન સૂરીશ્વરજી મહારાજને નિવેદન પત્ર મોકલ્યો.

'અમારા સહુ તરફથી નિવેદન છે કે આપ પણ અમારી સાથે સંવત્સરી પર્વની આરાધના કરો.'

(યાદ રાખવું કે તિન થોય પક્ષની સંવત્સરી એકતિથિ સંઘ કરતાં એક દિન વહેલી આવતી હતી !)

'નિવેદન' શબ્દ તો માત્ર લખવામાં હતો સૂરમાં તો 'વિનંતી' જ હતી ! જેને આ.જયંતસેનસૂરીશ્વરજી મહારાજ સાંભળી શક્યા હતાં ! ૨૫ આચાર્યોના નિવેદનને કેમ ઠુકરાવાય ? શ્રી સંઘને માન આપી પોતાના છપાયેલ પંચાંગોને રદ્દ કરી પૂજ્ય આચાર્યશ્રીએ પોતાના અનુયાયીઓ સાથે એક દિવસે આરાધના કરી.

હવે ઈતિહાસની પરંપરા ચાલી...

સાહેબ તો 'ईतिहास पढाने नहीं, बनाने आये है !!!'

: આલેખન :

પરમ પૂજ્ય મુનિશ્રી રત્નભાનુવિજયજી મહારાજ

# ઈન્દ્રિય પરાજય શતક

**વાચનાદાતા : સિદ્ધાંત દિવાકર પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**સંકલન : પરમ પૂજ્ય મુનિરાજશ્રી સત્યકાંતવિજયજી મહારાજ**

કામાગ્નિને ઉત્પન્ન કરનાર-વધારનાર વિષય સામગ્રીઓનો સંગ્રહ અને ભોગની ઈચ્છા છે, અર્થાત્ ઈચ્છાશક્તિ કામાગ્નિને ઉત્પન્ન કરે છે, વધારે છે અને પરાકાષ્ટા સુધીની આવે છે.

એક તરફ આ ઈચ્છાશક્તિ રાગ-મોહથી પ્રયુક્ત હોય છે, તે વાંચન-ચિંતન-દર્શન-અકલ્યાણમિત્રોનો સહયોગ-પ્રેરણા-એકાંત-વય-અનુકૂળસામગ્રી વગેરે વ્યવહાર સાધનોથી ઉત્કટ બને છે. આ બધા નિમિત્ત-સંયોગો રાગ-મોહને પ્રબળ કરીને ઈચ્છાશક્તિને તીવ્ર બનાવે છે.

તેની સામે જો વૈરાગ્ય અને અધ્યાત્મ પ્રયુક્ત ત્યાગ-નિગ્રહરૂપ ઈચ્છાશક્તિ હોય, તો એ બાહ્ય બધી જ અશુભ ઈચ્છાશક્તિની ટકાવનારી-વધારનારી સામગ્રીઓને નિષ્ફળ કરે છે. અશુભ ઈચ્છાશક્તિઓ પણ શીઘ્રાતિશીઘ્ર અલોપ થાય છે. ચક્રવર્તિઓ અને ઈન્દ્રોના સુખમાં પણ લોભાતાં-આકર્ષતાં નથી.

**જૈનદર્શનમાં વૈરાગ્યજન્ય શક્તિ બધી જ અશુભ ઈચ્છાશક્તિનો નાશ કરવા સમર્થ છે એટલે અંતરમાં ઉત્પન્ન થયેલ કામાગ્નિને જેમ સર્વ સમુદ્રોનું પાણી ઠારી શકતું નથી, તેમ અંતરમાં ઉત્પન્ન થયેલ વૈરાગ્ય અને જ્ઞાનના મહાસાગરને જગતની કોઈ ચીજ ડોલાયમાન કરી શકતી નથી.**



ઈન્દ્રિયોના બાહ્ય નિગ્રહ સાથે આંતરિક જ્ઞાન-વિવેક અને વૈરાગ્યથી પ્રગટ થયેલ વાસ્તવિક ઈન્દ્રિયનિગ્રહ એટલે વિષય વિમુખતા-એટલે સાધન ત્યાગ-સાધન વિમુખતા-સાધન ઉદાસીનતા-સાધન ઉપેક્ષા. આવા જીવો ઈન્દ્રો અને ચક્રવર્તિઓ કરતાં પોતાને અત્યંત બળવાન-સમૃદ્ધ અને સુખી માને છે.

એટલે ઈન્દ્રિયોનો નિગ્રહ કરનાર જ્ઞાનમય વૈરાગ્ય છે, આત્માની શક્તિ સર્વ પૌદ્ગલિક શક્તિથી પણ ચડિયાતી-પરાકાષ્ટાની છે.

એ શક્તિઓને રોકનાર, ઈન્દ્રિય-કષાયોના કાર્યમાં પ્રવર્તાવનાર ઈચ્છા અને પ્રવૃત્તિ છે અને ઈન્દ્રિય-કષાયોના પ્રવર્તનમાંથી રોકનાર વૈરાગ્યજન્ય વિષય-કષાય નિવૃત્તિની ઈચ્છા અને નિવૃત્તિની પ્રવૃત્તિ છે.

ટૂંકમાં, ઈન્દ્રિયનો પરાજય; એ વૈરાગ્ય દ્વારા મોક્ષનો ઉપાય છે. કારણ કે વૈરાગ્ય દ્વારા જ વીતરાગતા આવે છે અને વૈરાગ્ય વિષયત્યાગથી-કષાયત્યાગથી જ આવે છે.

विसमिव मुहंमि महुरा, परिणामनिकामदारुणा विसया ।
कालमणंतं भुत्ता, अज्ज वि मुत्तुं न किं जुत्ता ॥१०॥

**ગાથાર્થ : વિષની પેઠે પ્રારંભમાં મધુર અને પરિણામે અત્યંત ભયંકર એવા વિષયો અનંતકાળ સુધી ભોગવ્યા, તો હજુ પણ શું તે છોડવા યોગ્ય નથી ? અર્થાત્ શીઘ્ર ત્યાગ કરવા યોગ્ય છે.**

*10. Sensual desire is like a delicious poison.*

*Delightful at first, but with fatal consequences. Despite having indulged your senses infinite times, Why are you not ready to give them up even now ?*

વિષયો બે પ્રકારના છે અનુકૂળ અને પ્રતિકૂળ. અનુકૂળ વિષયો સંગ્રહ-મમત્વ અને ભોગવટાથી મધુર લાગે છે, પરંતુ પરિણામે એ દારુણ-ભયંકર ફળ આપનાર છે.

ભયંકર ફળ એટલે - આ દુનિયાની એક પણ વાતમાં તેને સુખ-શાંતિ-પૂર્ણતા-વ્યવસ્થિતતા મળે નહીં-આરોગ્ય નહીં-બીજા સાથે મીઠાશ નહીં-મહાદરિદ્રતા-મહામૂર્ખતા !

માનસિક સમજણ રહિત અવસ્થા-અત્યંત ઊંધી સમજણ-ઉલટી વાતોમાં અત્યંત પક્કડ-ઉગ્રઆવેશ, ઉગ્રસંક્લેશ, સર્વત્ર અનાદર-અપયશ-કૂતરા જેવી હડધૂત અવસ્થા, અત્યંત દુર્ભાગ્ય અવસ્થા એટલે બધા આપણો તિરસ્કાર કરે, બધાને આપણે નકામા લાગીએ.

કોઈને આપણે ન ગમીએ-આપણને કોઈ ન ગમે-નિરાધાર-અશરણ અવસ્થા આપણી આપણે અનુભવીએ. આ બધું ફળ વિષયરક્તતાનું, વિષય-કષાય આવેશનું છે. રાગાંધતા અવિવેકથી આવે છે.

અનુકૂળ વિષયોમાં જીવ આંધળો બને ત્યારે આ થાય છે, તો પ્રતિકૂળ વિષયોમાં જીવ દ્વેષાંધ બનવાથી પણ આ અવસ્થા આવે છે. વિષયોમાં ઉગ્ર રાગ અને ઉગ્ર દ્વેષ જીવને થાય છે. આ જીવની ભયંકર સર્વતોમુખી વિનાશ અવસ્થા વિષયો કરે છે. મરેલ અને બેભાન વ્યક્તિને ક્યારેય વ્યાકુળતા આવતી-થતી નથી. જાગ્રતને આવતી વ્યાકુળતા વિષયોથી-કષાયથી થાય છે.

આવી પરિસ્થિતિમાં જીવ સહેજ ઊંચો આવે, સારી અવસ્થા પામે અને વિષયાધીન બની પાછો દુઃખ-દુર્ગતિના ખાડામાં પડે. વળી ઘણો કાળ દુઃખ ભોગવી-કર્મ ખપાવી ઊંચી બાહ્ય સારી અવસ્થા પામે અને વળી પાછો વિષયોમાં લંપટ-લાલચુ બની નરક તિર્યંચના ભવોમાં-દુર્ગતિમાં ભટકતો રહે છે.

શાસ્ત્રકાર કહે છે : આવી રીતે અનંતીવાર વિષયોના ભોગવટાથી મહાદુઃખી થતો રહ્યો છે, છતાં હે જીવ ! હજુ પણ વિષયોની લત અને કષાયોનો પીછો છોડવો યોગ્ય નથી લાગતો ?

જ્યાં સુધી જીવને અનંતકાળ એની થયેલી ભયંકર વિષમ અવસ્થાઓ-એના કારણો-વિષયોની ભયંકરતા દેખાય નહીં, સમજાય નહીં, ત્યાં સુધી જીવની વિષયોની રુચિ છૂટે નહીં.

ભૂતકાળ જોયા-વિચાર્યા વગર પ્રમાદ પરવશ જીવને ભવિષ્યકાળ આંખ સામે આવતો નથી અને પ્રમાદનિગ્રહ કરનાર મહાપુરુષોનો ભવ્ય-ઉચ્ચ-અધ્યાત્મમય મોક્ષ સુધીનો ભવિષ્યકાળ પણ જીવની વિચારણામાં આવતો નથી.

(ક્રમશઃ)

# યોગસંગ્રહ વાચનાઓ

**વાચનાદાતા : પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
**રજુઆત : પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબ**

**(શ્રી શ્રમણસૂત્ર કે જેના સ્થાને શ્રાવકો વંદિત્તુ સૂત્ર બોલે છે, એ શ્રમણસૂત્રમાં 'બત્તિસાએ જોગસંગહેહિં' પદ છે. આ બત્રીશ યોગ સંગ્રહો પર શ્રી આવશ્યક નિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં સંક્ષેપ નામ સહિત વિવરણ છે. આ યોગસંગ્રહો પર પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ વિવિધ સ્થળો પર આપેલી વાચનાઓ વિવિધ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોએ નોંધી હતી. હવે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીએ પીરસેલા એ વિવિધ મુદ્દાઓ પૂજ્ય આચાર્યશ્રી અજિતશેખરસૂરિ મહારાજ સાહેબની કલમે રજુઆત પામી રહ્યા છે... - તંત્રીશ્રી)**

કલ્યાણમિત્ર જો ખરેખર ગંભીર ને ગીતાર્થ હોય, તો એ તમને દરેક બાબતમાં હિત-અહિત, હેય-ઉપાદેય, કાર્ય-અકાર્યની સ્પષ્ટ સાચી સમજણ આપે.

બાકી, ગંભીર વાતો જેને-તેને કરવાથી કશું સુધરતું નથી, બલ્કે વકરતું જાય છે, બગડતું જાય છે. કેટલાકની પ્રકૃતિ વાતો કે ટીકા-નિંદાની થઈ ગઈ હોય છે, તેવાઓ આગળ એવી વાત કરો, એટલે બળતામાં ઘી હોમાય. વાત-વાતમાં બીજાની ટીકા-નિંદા કર્યા કરવાની એની પ્રવૃત્તિને ઉત્તેજન મળે છે.

બીજાની હલકી વાતો જાણવી ને એકઠી કર્યે રાખવી એ તો ઉકરડો વધારવાનું કામ છે. આમાં જ પરોવાયેલો પોતે હલકો થાય છે. બીજાની સારી વાતોને સંઘરનારો પોતે પણ સારો થવા માંડે છે.

કેવળજ્ઞાની બધાનું બધું જ જાણે છે. દોષમય-ખરાબ વાત પણ જાણે છે. પણ સામાન્યથી પર્ષદામાં કહેતાં નથી. હા, જે કહેવાથી વૈરાગ્ય-સંવેગ વધે અને દ્વેષ-દુર્ભાવ ન વધે, તો એ રીતે પૂર્વભવ વગેરેના વર્ણન કરે છે.

**પ્રશ્ન : આપે કહ્યું કે હલકું જાણવાથી હલકા થવાય. તો મિથ્યાત્વીઓના ન્યાય-મુક્તાવલી જેવા ગ્રંથો શું કામ ભણવા જોઈએ ? એથી તો મિથ્યાત્વપોષક વાતો જ જાણવા મળે છે ને અભ્યાસકાળે એમાં જ રચ્યા-પચ્યા રહેવાય છે.**

ઉત્તર : પહેલાં સ્વદર્શન-જૈનમત ભણી એમાં બુદ્ધિ સ્થિર કરવી જોઈએ. પછી મુક્તાવલી વગેરે ગ્રંથો તો બુદ્ધિ તીક્ષ્ણ થાય ને જૈનમત વધુ ગહન રીતે સમજી શકાય; એ માટે જ ભણાય છે. અનેકાંતમતને તીક્ષ્ણ બુદ્ધિથી સમજ્યા પછી એવી નક્કર શ્રદ્ધા આવે છે કે સર્વજ્ઞ ભગવાનનું વચન ત્રણે કાળમાં ખોટું હોય નહીં.

સર્વજ્ઞ વચનનો અપલાપ ક્યારેય કરાય નહીં. સર્વજ્ઞના વચનનો જાહેરમાં અપલાપ એવું પાપ છે કે જે મોટા દંડનું કારણ બને છે. રજ્જા સાધ્વીએ સર્વજ્ઞવચનનો અપલાપ કરી ઉકાળેલા પાણીથી કોઢ થાય છે; એવી પ્રરૂપણા કરી. એ વખતે પ્રભુવચન પર શ્રદ્ધા રાખતી સાધ્વીને કેવળજ્ઞાન થયું. રજ્જા સાધ્વીએ પોતાના પાપનું પ્રાયશ્ચિત્ત પૂછ્યું. ત્યારે એ સાધ્વીએ કહ્યું : તમે સર્વજ્ઞ વચનનો અપલાપ કરી એવું પાપ કર્યું છે કે જેનું પ્રાયશ્ચિત્ત આપી શકાય એમ નથી. એટલે કે એ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય એમ નથી.

માટે જ સમજવાનું છે કે જ્યાં ત્યાં જેમ ફાવે તેમ બોલનારો મોક્ષસાધક યોગનો અધિકારી થતો નથી.

**પ્રશ્ન : પણ ગચ્છમાં તો સારણા-વારણા વગેરે જરૂરી છે. એમાં કઠોર-આવેશાત્મક વચન પણ બોલવા પડે. કેવળજ્ઞાનીઓ એ રીતે કહી શકતાં નથી, માટે તો તેઓ ગચ્છ સંભાળી શકતાં નથી. એ કામ છદ્મસ્થ ગીતાર્થ સ્થવિરો કરે છે. તો અહીં નિંદા-આક્ષેપરૂપે અપલાપરૂપ ભાષાપ્રયોગ થાય જ છે ને ?**

ઉત્તર : આ કંઈ જાહેરમાં ઉતારી પાડવા કે કોઈને હલકો ચિતરવા નથી કરાતું. તેથી તો ઘણીવખત પહેલાં એની સારી વાત પ્રશંસાત્મકરૂપે રજુ કરાય છે, પછી દોષ કહેવાય છે. આથી આદર-વિશ્વાસ ઊભો થવાથી સુધારાની શક્યતા વધી જાય છે. સારણાદિ જે થાય છે, તે આત્મહિત માટે દીક્ષિત થયેલા સાધુને પ્રમાદમાંથી ઊભો કરવા માટે છે. એનો સારી વાતની પ્રશંસા કરવાથી તટસ્થતા પણ જળવાય છે, તે વિશ્વાસ પણ ઊભો થાય છે.

**પ્રશ્ન : ભૂલો બતાવતાં પહેલાં પ્રશંસા કરવી; આ તો પોલિસી થઈ, જેવી વેપાર વગેરેમાં હોય છે.**

ઉત્તર : આ પોલિસી નથી, હિતબુદ્ધિ છે, ઉપકાર છે. જેમાં સ્વાર્થ બુદ્ધિ છે, તે પોલિસી કહેવાય. ઉપકાર બુદ્ધિ છે, તે પોલિસી ન કહેવાય, હિતબુદ્ધિ કહેવાય. અહીં એના દોષો સુધારવાની આપણી ઈચ્છારૂપ ઉપકાર બુદ્ધિ કામ કરે છે. રોગ દૂર કરવા અપાતી કડવી ગોળી રોગી તરત ગળે ઉતારી દે એ માટે સુગરકોટેડ કરવામાં આવે છે. બાળક સીધી ગોળી ઉતારતો ન હોય, તો દૂધમાં અપાય છે. વાત-આશય એ જ છે કે રોગ સુધારવા કડવી ગોળી ઉતારવી જરૂરી છે. સીધી ઉતરે એમ નથી, તો ઉપર જાડું ગળ્યું કોટીંગ કરીને આપો, જેથી ઉતરી જાય.

એમ દોષ દૂર કરવા કડવા શબ્દો-કડકાઈ જરૂરી છે. પણ તે સીધા ભારે પડી જાય, તો પ્રશંસાવગેરે રૂપ મીઠું કોટીંગ જરૂરી બને છે.

**પ્રશ્ન : આપણો અપરાધ ન હોય, છતાં આપણને ઠપકો મળે, તો ખુલાસો કરવો કે નહીં ?**

ઉત્તર : બહુ અગત્યની વાત હોય, તો ખુલાસામાં પડવું. બાકી નાની-નાની બાબતોમાં ઠપકો સાંભળી લેવામાં ગુણ છે. માનો કે ભવિષ્યમાં એવી ભૂલ નહીં થાય, એ માટે મળેલી આગોતરી ચેતવણી છે. ને ખુલાસો નહીં કરો તો પણ છેવટે સત્ય તો જાહેર થવાનું જ છે. પોતે ખુલાસો કહે એ બચાવ જેવું લાગે ને બીજા કોઈ દ્વારા એ વાત ગુરુદેવને ખબર પડે, તો આપણી ખાનદાની ને ગંભીરતા ગણાય.

યોગસંગ્રહમાં બીજો ગુણ નિરપલાપતા છે. બીજાના ગુણો છુપાવવા ને બીજા પર ખોટા દોષારોપણ કરવા; એ અપલાપ છે. બીજા પર એકવાર દોષારોપણ કરનારને ભવિષ્યમાં ઓછામાં ઓછું દસ વાર એ આરોપ સહન કરવાનો આવે છે. આવો કર્મબંધ પણ એટલા માટે થાય છે કે એવા આરોપ કરવા પાછળ દ્વેષ અને તિરસ્કાર કામ કરે છે.

**(ક્રમશઃ)**

# જીવન-મૂલ્યાંકન

## પૂજ્યશ્રીની કાર્યપદ્ધતિમાં યોજના બદ્ધતા હતી

લેખક : પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ

મારા અનન્ય ઉપકારી ગુરુમહારાજ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** છે, જેઓએ અમારા પિતાજીને સંયમની પ્રેરણાઓ આપી તથા એમને અને મને સંસારમાંથી તારી આટલા ઊંચા આરાધનાના સ્થાન સુધી પહોંચાડ્યો.

એઓશ્રીના તારક ગુરુદેવશ્રી પૂજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસે ભણાવવાના નિમિત્તે મને એમની સેવામાં જોડીને એમના અપૂર્વ ગુણો અને આરાધનાની ઝાંખી કરાવી. આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા ઉપરનો ભક્તિભાવ અને ભાવથી નિકટપણું એ ગુરુ મહારાજના ઉપકારથી આ રીતે મને પ્રાપ્ત થયું.

શરૂઆતના વર્ષોમાં સેવાભક્તિ, સંયમ અને સામાન્ય અભ્યાસમાં સમય પસાર થયો હતો. મોટા સાહેબ શ્રી પ્રેમસૂરિ મહારાજે કર્મગ્રન્થના અભ્યાસનો સાધુઓને પ્રારંભ કરાવ્યો. અભ્યાસની રુચિ વગરના રમતિયાળ તરીકેની મારી છાપ હતી. તેથી મને તેમાં બેસાડવાની તેઓશ્રીની ઈચ્છા ન થાય; તે સ્વાભાવિક છે. પરંતુ તે વખતે પણ આ ઉપકારી ગુરુ મહારાજ શ્રી ભાનુવિજય મહારાજે આગ્રહ કરી પૂજ્યશ્રીને સમજાવીને મને અભ્યાસમાં બેસાડ્યો અને બંન્ને પૂજ્ય ગુરુ ભગવંતોની કૃપાદૃષ્ટિ મારા પર ખૂબ વરસી.

પૂજ્ય ગુરુ મહારાજે ૧૩ાા વર્ષની ઉંમરે મને મારા પિતાશ્રી સાથે દીક્ષા આપીને મારી ઘણી કાળજી લીધી. વિહારમાં થાક્યા પાક્યા હોઈએ તો હાથ પકડી વાતો કહેતાં કહેતાં લઈ જાય. અમારા પિતાશ્રીને પણ તેઓશ્રીએ ઘણી પ્રેરણા, અભ્યાસ અને આરાધના કરાવી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીની કાર્યપદ્ધતિમાં યોજનાબદ્ધતા હતી, વિવેકદૃષ્ટિ હતી. પ્રત્યક્ષ પ્રેરણા, પત્ર-વ્યવહાર અને લેખન-સર્જન એ ત્રણ મુખ્ય કાર્યોને આ જ ક્રમથી અગ્રતાક્રમ આપતા.

### ૧. પ્રત્યક્ષ પ્રેરણા :

જ્યારે કોઈપણ વ્યક્તિ પોતાની પાસે આવે ત્યારે એની કક્ષા અને પાત્રતા અનુસાર એના આત્માને જે જે પ્રેરણા સલાહની જરૂર હોય તે એના મનમાં ઊતરે; એ રીતે આપતાં અને એને આરાધના-શાસનસેવામાં ઉત્સાહિત કરતાં, પણ ધર્મવિરોધી, નકામા કે વાતોડીયા માણસો ક્યારેક આવી જાય તો તેને જરા પણ મહત્ત્વ ન આપતાં પોતાના કામમાં જ પરોવાયેલા રહેતાં.

### ૨. પત્ર-પ્રેરણા :

જ્યારે અવકાશ મળે ત્યારે જરૂરી વ્યક્તિઓના આવેલા પત્રોના જવાબરૂપે સલાહ-સૂચનો-પ્રેરણા આપતાં. તેમાં પણ યોગ્યતા, સામાની પરિસ્થિતિ વગેરે વિચારીને કામ કરતાં. મહત્ત્વની ટપાલો જાતે જ લખતાં, કારણ કે તેથી સામેની વ્યક્તિને વિશેષ સંતોષ થાય, આદરભાવની વૃદ્ધિ થાય અને વિશેષ કર્તવ્યનિષ્ઠ બને.

યોગ્ય વ્યક્તિની ટપાલ ન પણ આવેલ હોય, તો પણ સામેથી તેઓ ટપાલ લખી પ્રેરણા-માર્ગદર્શન કરવામાં પોતાની લઘુતા નહીં, પણ કર્તવ્ય નિષ્ઠતા સમજતાં હતાં. નકામી ટપાલો કે બિનજરૂરી-બિનઉપયોગી વાતો તેઓ લક્ષમાં ન લેતાં, પણ ઉપેક્ષાની ટોપલીમાં મૂકી દેતાં.

### ૩. સાહિત્યસર્જન :

એ સિવાયના સમયે સાહિત્યસર્જન દ્વારા ચિંતન અને ચિંતિતના લેખન દ્વારા શાસ્ત્રોના મર્મોને વિશદ વિવેચન રૂપે આલેખીને તૈયાર કરતાં. તે લખાણોને જરૂરી સ્થળે લેખો દ્વારા, પુસ્તક સ્વરૂપે અને 'દિવ્યદર્શન'ના માધ્યમથી જૈન સંઘને આપવા દ્વારા સંઘની યોગ્ય વ્યક્તિઓના માર્ગદર્શક બનતાં હતાં. તેઓશ્રીનું લખાણ આરાધક આત્માઓને આરાધનામાં આગળ વધવા માટે નિસરણી અને કઠેડાનું કામ કરતું હતું. તે લખાણોએ અનેક આત્માઓને વૈરાગ્યવાસિત પણ બનાવ્યા હતાં.

પત્રલેખન ચાલુ હોય ત્યારે કોઈ પ્રત્યક્ષ પ્રેરણા માટે આવે તો તેને પ્રધાનતા આપતાં. લેખન ચાલુ હોય ત્યારે મહત્ત્વના પત્રનો પ્રત્યુત્તર આપવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, તો તેને પ્રધાનતા આપતાં. આ ત્રણે કામ જ્ઞાનયોગની સાધના સ્વરૂપ હોવાથી સમ્યક્ત્વ અને ચારિત્રને પ્રેરક-પોષક બનતાં.

આ બધા કાર્યો છતાં પોતે સદા ક્રિયાયોગમાં-આચારોમાં ચુસ્ત અને અપ્રમત્ત રહેતાં. તેમના જીવનમાંથી પ્રમાદ શોધ્યો પણ જડે નહીં.

એમનું જ્ઞાન વ્યાવહારિક રીતે ઉચ્ચ કોટિનું હતું અને શાસ્ત્રીય જ્ઞાન પણ વિશાળ અને વિશદ હતું. આ જ્ઞાન ચિંતન, ચોક્સાઈ ને પ્રજ્ઞાપ્રકર્ષ દ્વારા અનુપમકોટિનું હતું. તેથી તેમની પ્રતિભા સર્વતોમુખી ખીલી હતી. તેઓ પૂછનારને જેમ યોગ્ય માર્ગદર્શન આપતાં હતાં, તેમ યોગ્યને સામેથી બોલાવીને પણ યોગ્ય સૂચનાઓ આપતાં હતાં. યોગ્યને આરાધના કરાવતાં, પોતાની પાસે રાખતાં, બોલાવતાં અને જરૂર પડે સામે જઈને પણ આરાધના કરાવતાં.

ઉગ્ર વૈરાગ્યના કારણે તેમની રહેણીકરણી સાદાઈવાળી હતી. મોભો ઠઠારો જોવા ન મળતો. ખાવા-પીવામાં પણ ઘણાં ત્યાગી હતાં. તેથી તેમના વચનથી ઘણાઓ ત્યાગના માર્ગે સહેલાઈથી વળી જતાં.

નિર્દોષ ચર્યા સાથે પરિમિત દ્રવ્ય અને પરિમિત પ્રમાણપૂર્વક ૧૦૮ ઓળી કરી અને તે પછી પણ તિથિએ તેમ જ પ્રસંગે પ્રસંગે અવારનવાર તપ ચાલુ જ રાખતાં.

છેલ્લા વર્ષે પણ તિથિના ઉપવાસ-એકાસણા વગેરે ખેંચીને પણ કરતાં. આના કારણે એમની આજુબાજુમાં તપના પ્રભાવથી તપસ્વીઓ તૈયાર થતાં, તપમાં સહેલાઈથી જોડાતાં અને સરળતાથી તપ કરતાં.

એ ગુરુદેવ એવા નિઃસ્પૃહ હતાં અને જાપની સ્થિરતા અને સિદ્ધિવાળા હતાં કે એમના વાસક્ષેપથી આરાધનાદિ નિર્વિઘ્ને પૂર્ણ થતાં. જેનાથી એક ઉપવાસ પણ માંડ થાય એવા લોકોને તપસિદ્ધિ અને વચનસિદ્ધિના બળે પ્રેરણા કરીને માસક્ષમણ પણ કરાવ્યા છે. તેઓશ્રીની સંકલ્પસિદ્ધિ અને કાર્યસિદ્ધિ પણ ઘણી હતી.

આ બધી આરાધના અને પ્રભાવકતાની સાથે આત્મજાગૃતિ અનુપમ કોટિની હતી. તેઓશ્રી દ્વારા જે શિબિરો અને શિક્ષાયતનો થયા, તેનાથી તો ઘણાના જીવનો બદલાઈ ગયા. ઘણો ઊંડો અને સ્થાયી લાભ શિબિરોથી થયો. શિબિરથી તૈયાર થયેલા અનેક યુવાનો પોતાના કે અન્ય સમુદાયમાં દીક્ષા લઈ સંયમી બન્યા, તો બીજા વિશિષ્ટ શ્રદ્ધાસંપન્ન અને આરાધનાસંપન્ન શ્રાવકો બન્યા.

તેઓ પરિણામ સુધી પહોંચનારા હતાં. તેથી તેમની જ્ઞાનદૃષ્ટિ ઉપલક ન હતી. તેથી ઉપલકીયા લાભવાળી દેખાતી વસ્તુ કે પ્રવૃત્તિ પરિણામની દૃષ્ટિએ જો નુકશાન કે અતિનુકશાનવાળી દેખાય તો તેઓશ્રી જતી કરતાં. જેમ કે સંઘ-ઐક્યના કારણોમાંના કેટલાક મુદ્દા ઉપલક દૃષ્ટિએ કેટલાકને બરાબર લાગતાં ન હોવા છતાં તત્ત્વદૃષ્ટિએ એ ગુણકારી લાગવાથી સ્વીકારીને આગળ વધ્યા. મામૂલી વાંધા પડતી વાતોને અર્થશૂન્ય મહત્ત્વ આપી દઈ સંઘઐક્ય ખંડિત થવા ન દીધું.

## ભાતિ + નૌતિ = ભાનુઃ

**પૂજ્ય પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ**

ભાનુ શબ્દમાં બે ક્રિયાપદો છે : ભા અને નુ ! એમાં સંસ્કૃત પ્રમાણે ભા એટલે શોભવું. નુ એટલે સ્તવના-પ્રશંસા કરવી.

હું શિષ્ય બન્યો ભલે **પૂજ્યપાદ પરમારાધ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજા**નો ! પણ બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કહું તો મારામાં વૈરાગ્યનો ઘૂઘવતો મહાસાગર પ્રગટ કરવાનું કામ કર્યું છે : **''પંન્યાસ ભાનુવિજયજી મહારાજની અમોઘ દેશનાઓએ !''** રાજસ્થાની શીરામાંથી જેમ ઘી નીતરે, એમ એમની વાણીમાંથી નકરો વૈરાગ્ય નીતરતો, ધન્નાજીની, કૂરગડુજીની...પૂર્વ મહાત્માઓની સજ્ઝાયો ઉપર જ્યારે તેઓશ્રી વિવેચન કરતાં, ત્યારે હું મારી જાતને રોકી ન શકતો, ધ્રુસકે ધ્રુસકે રડી પડતો. ખરું કહું ? માટે જ પ્રવચનહોલમાં છેક છેલ્લે ખૂણામાં બેસતો. કેમકે જો આગળ બેસું અને હીબકા ભરીને રડું તો આજુબાજુ બેઠેલાઓને કેવું લાગે ? એ ચિંતા મને સતાવતી. પ્રાયઃ એકપણ પ્રવચન તેઓશ્રીના પ્રવચન એવા નહીં ગયા હોય, જેમાં મારે આંખો લુંછવી ન પડી હોય.

આ હતી એમની દેશનાની અપ્રતિમ તાકાત ! આજે જ્યારે પાટ ઉપર બેસીને પ્રવચન આપતાં તેઓશ્રીનો ચહેરો યાદ આવે છે, ત્યારે એક જ વિચાર ઉપસી આવે છે...એ કેવા શોભતાં હતાં ! કેવા દેદિપ્યમાન લાગતાં ! એમના નામમાં રહેલો ભા અક્ષર એમનામાં બરાબર સાર્થક થતો હતો.

જેટલા એ મહાન વિદ્વાન ! મહાન પ્રવચનકાર ! મહાન વૈરાગી ! એટલા જ એ મહાન પ્રભુભક્ત ! દેરાસરમાં ભગવાનની સામે એ સ્તુતિ-સ્તવનો ઉપર રીતસર તૂટી જ પડતાં, ભૂખ્યો માણસ ભોજન ઉપર તૂટી પડે એમ ! એમનો લેહકો, એમનો રાગ, એમની સ્તવનો ગાતાં ગાતાં ડોલવાની અનોખી ક્રિયા, સાવ બાળક જેવા બની જવાની એમની સર્વોત્તમકોટિની આત્મિક મહાનતા, જ્ઞાન-વૈરાગ્ય-તપ-સંયમની સાથે સોનામાં સુગંધ કે દૂધમાં સાકરની માફક ભળી ગયેલો એમનો ભક્તિયોગ આજે મારા જેવાને ખરેખર શરમ ઉપજાવે છે. કેમકે આવું સુભગ ગુણમીલન મારી પાસે નથી. **પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજને છેલ્લા વર્ષોમાં, રાત્રે ધીમા-મધુરા કંઠે કલાકો સુધી સ્તવનો-સજ્ઝાયો સંભળાવતા મેં નિહાળ્યા છે. ગુરુની આ અવર્ણનીય ભક્તિનો પ્રકાર તો એમના જેવા મહાપુરુષ પાસે જ શક્ય બની શકે.**

પણ આ બધું જોતાં એમ લાગે કે એમના નામમાં રહેલો 'નુ' અક્ષર પણ એકદમ સાર્થક બન્યો. ખરેખર નામ પાડનારાની દીર્ઘદૃષ્ટિને-સૂક્ષ્મદૃષ્ટિને લાખ-લાખ ધન્યવાદ !

વધુ ધન્યવાદ તો પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના તમામ સાધુ-સાધ્વી ભગવંતને આપવા જોઈએ કે જેમણે ભાનુવિજય નામમાંથી ભુવનભાનુસૂરિ નવા નામને સાચા અર્થમાં સાર્થક કરી દેખાડ્યું. ૧૦૦૦ જેટલા આ સમુદાયના સંયમીઓએ તપ-વૈયાવચ્ચ-સ્વાધ્યાય-સંયમ-શાસન પ્રભાવના વગેરે વગેરે યોગો દ્વારા ચારે બાજુ શોભતાં કરી દીધા, ભક્તિયોગને ચારેબાજુ ફેલાવી દીધો.

હા ! હવે એ **પંન્યાસ ભાનુવિજયજી** ખરેખર ભુવનમાં ભાનુ સમાન બની ગયા. મહારાજજીએ પાડેલું નામ ભાનુવિજય તેઓએ સ્વયં સફળ બનાવ્યું, તો સંઘે આપેલું **ભુવનભાનુસૂરિ** નામ પોતે તથા આખા સમુદાયે સાર્થક બનાવ્યું.

વિનંતી કરું છું આખા સમુદાયના સૌ શ્રમણ-શ્રમણીઓને ! કે આપણા સૌની ફરજ ઘણી બધી વધારે છે. પૂજ્યપાદશ્રીની આચાર ચુસ્તતા-શાસ્ત્રરમણતા-પરમાત્મ ભક્તિ વગેરેને આપણે સૌએ આપણા જીવનમાં અપનાવવાની છે. વર્તમાનકાળમાં શિથિલતાનો, બહિર્મુખતાનો પવન સર્વત્ર ફેલાઈ રહ્યો છે, એમાં આપણે ગુંગળાઈ ન મરીએ એ આપણી અંગત ફરજ છે.

કમ સે કમ આટલું જ કરીએ કે ભા અક્ષરની અનુમોદના માટે જીવનમાં પ્રચંડ વૈરાગ્ય કેળવીએ. એ માટે વૈરાગ્યગ્રન્થોનો વધુમાં વધુ અભ્યાસ કરીએ. અને નુ અક્ષરની અનુમોદના માટે જીવનમાં ભક્તિની ભીનાશ કેળવીએ, એ માટે પ્રાચીન સ્તવનો ગોખીને રોજ ઓછામાં ઓછો અડધો-પોણો કલાક તો ભક્તિયોગ કેળવીએ. સમાધિ વર્ષની સાચી ઉજવણી મારી દૃષ્ટિએ તો આ જ છે.

# સિદ્ધાંત મહોદધિ સ્વ.પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સ્વર્ગારોહણ સુવર્ણ વર્ષ (૨૦૭૩-૭૪) નિમિત્તે સૂરિ પ્રેમનાં સંભારણાં

### સિદ્ધાંત મહોદધિ આચાર્યશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ

## સેવા સમૃદ્ધિ અપાવો !

: આલેખન :

**પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

વર્ષો પહેલાં પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યશ્રીનો સંકલ્પ હતો કે સંયમ જીવનમાં શક્યતયા ડોલીમાં બેસવું નહીં...ઉંમર વધતાં જંઘાબળ ક્ષીણ થતું ગયું... પૂજ્યશ્રીના યુવાન સાધુઓએ નિર્ણય કર્યો કે જે ગુરુદેવે આપણો સંસારનો સમસ્ત ભાર ઉપાડી લીધો તે ગુરુદેવને સ્ટેચર બનાવી ગામેગામ વિહાર કરાવશું... મુનિશ્રી ચન્દ્રશેખર વિજયજી (યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી)ની રાહબારીમાં ખભા પર ૪-૪ મહાત્મા વારાફરતી ઉપાડે....આ રીતે છેલ્લા વર્ષોમાં વિહાર કરતાં કરતાં આણંદ (જિ. ખેડા) પૂજ્યશ્રી વિશાળ સમુદાય સાથે પધાર્યા... વિહાર કરી ખંભાત તરફ પધારી રહ્યા હતાં... એક યુવાન મહાત્માઓને વળાવવા ગયો. સાથે સાથે ચાલતાં ચાલતાં મહાત્માને વિનંતી કરી કે આ સ્ટેચર ઉપાડવાનો મને પણ લાભ આપો... તેના અત્યંત આગ્રહે સ્ટેચર ઉપાડવાનો લાભ આ યુવાનને મળ્યો... તે વિચારવા લાગ્યો કે હું સંસારી, એક મામુલી માણસ આવા ઉચ્ચ સંયમીને ખભે ઉપાડીને ધન્ય બની ગયો ! ખૂબ આનંદિત થયો. તે આનંદમાં ને આનંદમાં સાંજના વિહારમાં છેક સુધી સામે મુકામ સુધી પહોંચી ગયો... અંધારુ થઈ ગયું. ઘરે પાછો આવ્યો....

બીજે દિવસે આ યુવાન નોકરી કરતો હોવાથી શેઠને ત્યાં સમયસર સવારે પહોંચી ગયો. શેઠે કરડાકી કરી : 'આ રીતે વગર કહ્યે ન આવે તે ન ચાલે... જાવ ! આજથી અમારે તારી જરૂર નથી...'

પરંતુ યુવાન મુંઝાયો નહીં...બીજે જ દિવસથી પોતાનો નવો ધંધો શરૂ કર્યો. મહેનત, પ્રામાણિકતા, નિષ્ઠા સાથે ધર્મ ભાવનાથી ખૂબ આગળ વધી ગયો.

આજેય આણંદના અગ્રણી ઉદાર-વિવેકી શ્રાવકમાં સોભાગભાઈનું નામ અગ્રણી છે. આજે ય પણ યાદ કરે છે કે અડધા દિવસની તેમના દ્વારા કરેલ પૂજ્યશ્રીની ભાવપૂર્વક ભક્તિ તેમને ક્યાં લઈ ગઈ...! જે થયું તે સારા માટે થયું !

## સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રીને શાસ્ત્ર મોઢે

: લેખક :

**પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

સ્વર્ગસ્થ પૂજ્ય ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને કર્મ સિદ્ધાન્તનો અતિ વિશાળ વિષય પણ એવો તૈયાર હતો કે છ કર્મગ્રંથ તો સામાન્ય, કિન્તુ કમ્મપયડી મહાશાસ્ત્ર જેવાના પદાર્થ પણ પુસ્તક હાથમાં લીધા વિના મોઢે જ કલાકોના કલાકો સમજાવ્યે જ જાય. ભણનાર તૈયાર જોઈએ, દહાડે શું કે રાતે શું, 'લે લેતો જા, માલ તૈયાર જ છે, તારી શક્તિ હોય તેટલું સાંભળ અને યાદ કરી લે,' આ ધગશ અને એવી પ્રવૃત્તિ ચાલુ હતી.

**આમ ગ્રંથો મોઢે શી રીતે બનતા હશે ?** કહો કે જ્ઞાનના પૂર્ણ પરિશ્રમથી અને મનની એમાં એકાકારતાથી. એ એકાકારતા લાવવી હોય ત્યારે બાહ્ય ખાનપાન કપડાલત્તા વગેરેની બહુ કિંમત ન અંકાય, એમાં સહેજ વાતવસ્તુ અંગે 'આ બરાબર, આ ઠીક, આ સરસ,' અથવા 'આ બરાબર નહીં, આ આપણને ન ફાવે...' વગેરે મનને ન લાગવું જોઈએ.

**પૂજ્યશ્રીનું જીવન :**

સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્યદેવશ્રીનું ૬૮ વર્ષનું સમસ્ત ચારિત્ર જીવન એવું હતું. ૩૪ વર્ષ તો હું સાથે રહ્યો, એમાં કદી એવું જોયું નથી કે એઓશ્રી 'આ કપડું જરા જાડું છે,' યા 'કપડા મેલા થઈ ગયા છે,' 'આ ગોચરી જરા અનુકૂળ નહીં,' 'આ જગા ઠીક નહીં, ઘામવાળી છે,' કે 'અમુક સાધુ મને આવી બોલી ગયો...' આવું કશું મન પર લાવ્યા હોય. 'પ્રતિકૂળ જે આવે, તે સહર્ષ સહી જ લેવાનું ને અનુકૂળને નહિવત્ ગણવાનું,'- આ મુદ્રાલેખ, આ જીવનસિદ્ધાન્ત રાખેલો. આ ગુણ સામાન્ય કોટિનો સમજતાં નહીં. આમાં તો વીતરાગ બનવાની સજ્જડ ભૂમિકા પડેલી છે.

**જૈન જગતના મહાન ઉપકારી, સુવિશાલ સાધુ સમુદાયના સર્જક, કર્મસાહિત્યના નિષ્ણાત, સુવિશુદ્ધ બ્રહ્મમૂર્તિ, સચ્ચારિત્ર ચૂડામણિ સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ**

**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ ત્યાગ-બ્રહ્મ વર્ષના શુભ પ્રારંભ નિમિત્તે સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદથી ભારતભરમાં ૧૩૬ સંઘોમાં ભવ્ય ગુણાનુવાદ સભા (વૈશાખ વદ ૧૧, સોમવાર તા. ૨૨-૫-૨૦૧૭)**

પાવન નિશ્રા (રાજનગરના વિવિધ સંઘો)

૧. શ્રી આંબાવાડી જૈન સંઘ
પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા
પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી કલ્યાણબોધિસૂરિજી મહારાજ સાહેબ

૨. શ્રી જૈનનગર જૈન સંઘ
પૂ.આ.શ્રી જગદ્ચંદ્રસૂરિજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી પદ્મસેન વિજયજી મહારાજ સાહેબ

૩. શ્રી સેટેલાઈટ જૈન સંઘ - સોમેશ્વર
પૂ.આ.શ્રી જયસુંદરસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી રાજહંસસૂરિજી મ.સા. (પૂ.આ.નેમિસૂરિ સમુદાય)
પૂ.ઉપા.શ્રી વિમલસેન વિજયજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી નંદીભૂષણ વિજયજી મહારાજ સાહેબ

૪. શ્રી ગિરધરનગર જૈન સંઘ
પૂ.આ.શ્રી મહાબોધિસૂરિજી મહારાજ સાહેબ

૫. મંગળપારેખનો ખાંચો, શાહપુર
પૂ.આ.શ્રી હરિકાંતસૂરિજી મહારાજ સાહેબ

૬. શ્રી શાંતિનગર જૈન સંઘ
પૂ.આ.શ્રી રાજયશસૂરિજી મ.સા.(પૂ.આ.લબ્ધિસૂરિ સમુદાય)
પૂ.આ.શ્રી રત્નયશસૂરિજી મ.સા.(પૂ.આ.લબ્ધિસૂરિ સમુદાય)
પૂ.આ.શ્રી અમીતયશસૂરિ મ.સા.(પૂ.આ.કલાપૂર્ણસૂરિ સમુદાય)
પૂ.આ.શ્રી પુણ્યરત્નસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી યશોરત્નસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી હિતવર્ધનસૂરિજી મ.સા.(પૂ.નેમિસૂરિ સમુદાય)
પૂ.ઉપા.શ્રી વિશ્રુતયશ વિ.મ.સા.(પૂ.આ.લબ્ધિસૂરિ સમુદાય)
પૂ.મુનિશ્રી જિનપ્રેમ વિજયજી મહારાજ સાહેબ

૭. શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિર, શ્રી પંકજ જૈન સંઘ
પૂ.આ.શ્રી દર્શનવલ્લભસૂરિજી મહારાજ સાહેબ
મુનિશ્રી પદ્મરત્નવિજયજી મહારાજ સાહેબ

૮. શ્રી બાપુનગર જૈન સંઘ
પૂ.આ.શ્રી જિતરક્ષિતસૂરિજી મહારાજ સાહેબ

૯. શ્રી જૈન સોસાયટી જૈન સંઘ
પૂ.આ.શ્રી સંયમબોધિસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી રાજરત્નસૂરિજી મ.સા.(પૂ.આ.શાંતિચંદ્રસૂરિ સમુદાય)

૧૦. શ્રી મહાસુખનગર જૈન સંઘ
પૂ.પં.શ્રી ભુવનસુંદર વિજયજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી ગુણસુંદર વિજયજી મહારાજ સાહેબ

૧૧. શ્રી ઓપેરા જૈન સંઘ
પૂ.પં.શ્રી પ્રશાંતવલ્લભ વિજયજી મહારાજ સાહેબ

૧૨. શ્રી કૃષ્ણનગર જૈન સંઘ
પૂ.પં.શ્રી સૂર્યકાંતવિજયજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી રવિકાંતવિજયજી મહારાજ સાહેબ

૧૩. શ્રી નવકાર જૈન સંઘ
પૂ.પં.શ્રી હિરણ્યબોધિવિજયજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી હેમદર્શનવિજયજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી કુશલમુનિ મ.સા. (ખરતરગચ્છ)

૧૪. શ્રી સાબરમતી જૈન સંઘ
પૂ.મુનિશ્રી રત્નબોધિવિજયજી મહારાજ સાહેબ

૧૫. શ્રી દેવકીનંદન જૈન સંઘ
પૂ.પં.શ્રી દયાસિન્ધુવિજયજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી કૃપાબિંદુ વિજયજી મહારાજ સાહેબ

૧૬. શ્રી દેવાસ જૈન સંઘ
પૂ.મુનિશ્રી બોધિદર્શનવિજયજી મહારાજ સાહેબ

૧૭. શ્રી પ્રહલાદનગર જૈન સંઘ-સેટેલાઈટ
પૂ.મુનિશ્રી સુધારસવિજયજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી કરૂણાદૃષ્ટિવિજયજી મ.સા.

૧૮. શ્રી તુલશીશ્યામ જૈન સંઘ (સેટેલાઈટ)
પૂ.મુનિશ્રી ભામંડલવિજયજી મહારાજ સાહેબ

૧૯. શ્રી સુવિધિ જૈન સંઘ
પૂ.મુનિશ્રી પ્રિયદર્શીવિજયજી મહારાજ સાહેબ

૨૦. શ્રી કંચનભૂમિ જૈન સંઘ
પૂ.મુનિશ્રી પ્રિયદર્શીવિજયજી મહારાજ સાહેબ

૨૧. શ્રી સરસ્વતી જૈન સંઘ, પ્રીતમનગર
પૂ.મુનિશ્રી પારંગતવિજયજી મહારાજ સાહેબ

૨૨. શ્રી રેવા જૈન સંઘ
પૂ.મુનિશ્રી સુભાષિતવિજયજી મહારાજ સાહેબ

૨૩. શ્રી જૈન મર્ચન્ટ જૈન સંઘ
પૂ.મુનિશ્રી અનંતપુણ્યવિજયજી મ.સા.

પાવન નિશ્રા (સૂરતના વિવિધ સંઘો)

૨૪. શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ
પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરિજી મહારાજ સાહેબ

૨૫. શ્રી ત્રિકમનગર જૈન સંઘ
પૂ.આ.શ્રી કુલચંદ્રસૂરિજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી પદ્મદર્શનવિજયજી મહારાજ સાહેબ
પૂ.ગણિશ્રી મોક્ષેશવિજયજી મ.સા.(પૂ.ૐકારસૂરિ સમુદાય)

૨૬. શ્રી ઉમરા જૈન સંઘ
પૂ.આ.શ્રી રશ્મિરાજસૂરિજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી હંસબોધિવિજયજી મહારાજ સાહેબ

૨૭. ૐકારસૂરિ આ.ભવન (પાલ)
પૂ.પં.શ્રી હર્ષરત્નવિજયજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી હર્ષકીર્તિવિજયજી મહારાજ સાહેબ

૨૮. શ્રીપાલ રેસીડન્સી, પાલ
પૂ.મુનિશ્રી રત્નવલ્લભવિજયજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી જ્ઞાનહંસવિજયજી મહારાજ સાહેબ

૨૯. ઈશિતાપાર્ક
પૂ.મુનિશ્રી સ્થિતપ્રજ્ઞવિજયજી મહારાજ સાહેબ

૩૦. અઠવાગેટ (દિવાળી બાગ)
પૂ.મુનિશ્રી જિનેન્દ્રરત્નવિજયજી મહારાજ સાહેબ

૩૧. પીપલોદ જૈન સંઘ
પૂ.પં.શ્રી ધર્મરત્નવિજયજી મહારાજ સાહેબ

૩૨. સરેલાવાડી જૈન સંઘ
પૂ.પં.શ્રી ભદ્રકીર્તિવિજયજી મહારાજ સાહેબ

૩૩. ૐકારસૂરિ આ.ભવન, ગોપીપુરા
પૂ.મુનિશ્રી અક્ષયકીર્તિવિજયજી મહારાજ સાહેબ

૩૪. અમરોલી જૈન સંઘ
પૂ.મુનિશ્રી યોગેશરત્નવિજયજી મહારાજ સાહેબ

૩૫. નીલકંઠ (અમરોલી)
પૂ.મુનિશ્રી દક્ષેશરત્નવિજયજી મહારાજ સાહેબ

૩૬. કૈલાશનગર જૈન સંઘ
પૂ.મુનિશ્રી મોક્ષાંગરત્નવિજયજી મહારાજ સાહેબ

૩૭. કતારગામ જૈન સંઘ
પૂ.મુનિશ્રી ચારિત્રરત્નવિજયજી મહારાજ સાહેબ

૩૮. સુંદરબા આ.ભવન, અડાજણ પાટિયા
પૂ.મુનિશ્રી દીક્ષિતરત્નવિજયજી મહારાજ સાહેબ

૩૯. ભટાર રોડ જૈન સંઘ
પૂ.મુનિશ્રી ગીતાર્થરત્નવિજયજી મહારાજ સાહેબ

૪૦. દીપા કોમ્પ્લેક્ષ
પૂ.મુનિશ્રી પ્રીતદર્શનવિજયજી મહારાજ સાહેબ

૪૧. વાસ્તુ લક્ઝરીયસ
પૂ.મુનિશ્રી દેવરત્નવિજયજી મહારાજ સાહેબ

૪૨. ધરણીધર
પૂ.મુનિશ્રી રત્નચંદ્રવિજયજી મહારાજ સાહેબ

૪૩. ટીમલીયાવાડ જૈન સંઘ
પૂ.મુનિશ્રી સમર્પિતરત્નવિજયજી મહારાજ સાહેબ

પાવન નિશ્રા (મુંબઈના વિવિધ સંઘો)

૪૪. શ્રી ગોરાઈ જૈન સંઘ બોરીવલી
પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી ધર્મયશસૂરિજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી અપરાજિતવિજયજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી ધરણેન્દ્રવલ્લભવિજયજી મહારાજ સાહેબ

૪૫. શીરસાડ, મહાવીરધામ (શિબિર દરમ્યાન)
પૂ.આ.શ્રી વરબોધિસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી કુલબોધિસૂરિજી મહારાજ સાહેબ

૪૬. વિકાસ એપાર્ટમેન્ટ, પરેલ
પૂ.આ.શ્રી મેઘદર્શનસૂરિજી મહારાજ સાહેબ
૪૭. સાયન જૈન સંઘ
પૂ.પં.શ્રી ઈન્દ્રયશવિજયજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી ભદ્રયશવિજયજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી પરમયશવિજયજી મહારાજ સાહેબ
૪૮. ફોર્ટ જૈન સંઘ
પૂ.પં.શ્રી મનોભૂષણવિજયજી મહારાજ સાહેબ
૪૯. ભાયંદર (બાવન જિનાલય) જૈન સંઘ
પૂ.પં.શ્રી દેવકીર્તિવિજયજી મહારાજ સાહેબ
૫૦. જાંબલીગલી, બોરીવલી
પૂ.મુનિશ્રી સત્વબોધિવિજયજી મહારાજ સાહેબ
૫૧. શ્રી જવાહરનગર જૈન સંઘ-ગોરેગાંવ
પૂ.મુનિશ્રી જગતશેખરવિજયજી મહારાજ સાહેબ
૫૨. મંડપેશ્વર રોડ, બોરીવલી
પૂ.મુનિશ્રી કીર્તનવલ્લભ વિજયજી મહારાજ સાહેબ
૫૩. ચીરાબજાર જૈન સંઘ
પૂ.મુનિશ્રી કીર્તિઘોષવિજયજી મહારાજ સાહેબ
૫૪. દેનાબેંક (મલાડ)
પૂ.મુનિશ્રી કૃપાશેખરવિજયજી મહારાજ સાહેબ
૫૫. દેવકરણ મૂલજી (મલાડ-વેસ્ટ)
પૂ.મુનિશ્રી કૃપાશેખરવિજયજી મહારાજ સાહેબ
૫૬. માટુંગા જૈન સંઘ
પૂ.મુનિશ્રી આર્યરક્ષિતવિજયજી મહારાજ સાહેબ

### પાવન નિશ્રા (અન્ય વિવિધ સંઘો)

૫૭. જૂનાગઢ ગામ તથા તળેટી
પૂ.આ.શ્રી જગવલ્લભસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી હર્ષવલ્લભસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી ધર્મરક્ષિતસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી હેમવલ્લભસૂરિજી મહારાજ સાહેબ
૫૮. મઢી
પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી પદ્મસુંદરસૂરિજી મહારાજ સાહેબ
૫૯. અક્કી પેટ, બેંગલોર
પૂ.આ.શ્રી ચંદ્રજિતસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી રત્નસેનસૂરિજી મ.સા. (પૂ.આ.રામચંદ્રસૂરિ સમુદાય)
પૂ.પં.શ્રી ઈન્દ્રજિત વિજયજી મહારાજ સાહેબ
૬૦. ભચાઉ, કચ્છ
પૂ.આ.શ્રી અભયશેખરસૂરિજી મહારાજ સાહેબ
૬૧. બીજાપુર
પૂ.આ.શ્રી અભયચંદ્રસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી હીરચંદ્રસૂરિજી મહારાજ સાહેબ
૬૨. પાલીતાણા
પૂ.આ.શ્રી અક્ષયબોધિસૂરિજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી લબ્ધિદર્શન વિજયજી મહારાજ સાહેબ
૬૩. સોનગઢ (શિબિર દરમ્યાન)
પૂ.આ.શ્રી મુક્તિવલ્લભસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી ઉદયવલ્લભસૂરિજી મહારાજ સાહેબ
૬૪. દાવણગિરી
પૂ.આ.શ્રી જિનસુંદરસૂરિજી મહારાજ સાહેબ
પૂ.પં.શ્રી કલ્પરક્ષિત વિજયજી મહારાજ સાહેબ
૬૫. ઉંમરગાંવ
પૂ.આ.શ્રી મલયકીર્તિસૂરિજી મહારાજ સાહેબ
૬૬. પાલનપુર
પૂ.આ.શ્રી રત્નસંચયસૂરિજી મ.સા. (પૂ.આ.શાંતિચંદ્રસૂરિ સમુદાય)
પૂ.આ.શ્રી જિનેશરત્નસૂરિજી મહારાજ સાહેબ
પૂ.આ.શ્રી લબ્ધિવલ્લભ વિજયજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી તીર્થવલ્લભ વિજયજી મ.સા. (પૂ.આ.કલાપૂર્ણસુરિ સમુદાય)
૬૭. પ્રહલાદ પ્લોટ, રાજકોટ
પૂ.આ.શ્રી યશોવિજયસૂરિજી મહારાજ સાહેબ
૬૮. માંજલપુર, વડોદરા
પૂ.ઉપા.શ્રી ભદ્રેશ્વર વિજયજી મહારાજ સાહેબ

### ચાપડા તથા માલવાદેશના ૫૫ સંઘો

પૂ.પં.શ્રી વીરરત્ન વિજયજી મહારાજ સાહેબ
૬૯. શ્રી ત્રિભુવનભાનુ પાર્શ્વનાથ-શ્રી માણિભદ્ર વીર જૈન સંઘ, શિવપુર
૭૦. શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ-ઉન્હેલ, મ.પ્ર.
૭૧. શ્રી મક્સી પાર્શ્વનાથ જૈન મહાતીર્થ - મક્સીજી
૭૨. શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથ જૈન તીર્થ - ઉન્હેલ, મ.પ્ર.
૭૩. શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તારક તીર્થધામ - લાલખેડી, રાજસ્થાન.
૭૪. શ્રી તિલકેશ્વર પાર્શ્વનાથ તીર્થ - તિલકનગર, ઈન્દોર
૭૫. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ-શત્રુંજ્યાવતાર તીર્થ, દેવાસ
૭૬. શ્રી હ્રીઁકાર નાગેશ્વર તીર્થ - હ્રીઁકારગિરિ, ઈન્દોર
૭૭. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ - રાઊ, ઈન્દોર
૭૮. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન તીર્થ - નવાપુર, મહારાષ્ટ્ર
૭૯. શ્રી અરવિંદનગર-ઉજ્જૈન-હીરસૂરિ બડા ઉપાશ્રય
૮૦. ધોસલા, ૮૧. લાલમંદિર મહિપતપુર, ૮૨. બપૈયા
૮૩. ચૌમહલા, ૮૪. ગંગધાર, ૮૫. કુન્ડલા-રાજ. ૮૬. આલોટ
૮૭. નલખેડા, ૮૮. આગર, ૮૯. સઈગડા, ૯૦. રતલામ
૯૧. મૂલધાન, ૯૨. દલોટ, ૯૩. તરાના, ૯૪. બિછડોદ
૯૫. ફનસિયા, ૯૬. નખર, ૯૭. સાંવેર, ૯૮. સીયા
૯૯. ટોકરખુર્દ, ૧૦૦. શાજાપુર, ૧૦૧. શખાલપુર, ૧૦૨. હરદા
૧૦૩. ખીરકિયા, ૧૦૪. ચારવા, ૧૦૫. પાનીગાંવ, ૧૦૬. ચાપડા
૧૦૭. હાટપિપલ્યા, ૧૦૮. બાગલી, ૧૦૯. કરનાવદ,
૧૧૦. ડબલચૌકી, ૧૧૧. ગુના, ૧૧૨. અશોકનગર, ૧૧૩. પૈંચી
૧૧૪. આદિનાથ ગૌશાલા-ઈન્દોર, ૧૧૫. દ્વારકાપુરી-ઈન્દોર
૧૧૬. ઈન્દ્રલોક-ઈન્દોર, ૧૧૭. કંચનબાગ-ઈન્દોર.
૧૧૮. હુબલી
પૂ.પં.શ્રી વિમલબોધિ વિજયજી મહારાજ સાહેબ
૧૧૯. દેવલાલી
પૂ.પં.શ્રી હંસરત્ન વિજયજી મહારાજ સાહેબ
૧૨૦. વાપી (જી.આઈ.ડી.સી.)
પૂ.પં.શ્રી પદ્મબોધિ વિજયજી મહારાજ સાહેબ
૧૨૧. ભાંવરી, રાજસ્થાન
પૂ.મુનિશ્રી અભયરત્ન વિજયજી મહારાજ સાહેબ
૧૨૨. શ્રી પિંડવાડા જૈન સંઘ
પૂ.પં.શ્રી વિરાગરત્ન વિજયજી મહારાજ સાહેબ
૧૨૩. મધુમતી, નવસારી
પૂ.પં.શ્રી ધર્મબોધિ વિજયજી મહારાજ સાહેબ
૧૨૪. ખેડલી (રાજસ્થાન)
પૂ.પં.શ્રી ધૈર્યસુંદર વિજયજી મહારાજ સાહેબ
૧૨૫. નડિયાદ
પૂ.ગણિશ્રી યશકલ્યાણ વિજયજી મહારાજ સાહેબ
પૂ.મુનિશ્રી તીર્થપ્રેમ વિજયજી મહારાજ સાહેબ
૧૨૬. વીંછીયા
પૂ.મુનિશ્રી કૃપારત્ન વિજયજી મહારાજ સાહેબ
૧૨૭. વિસનગર
પૂ.મુનિશ્રી હૃદયરત્ન વિજયજી મહારાજ સાહેબ
૧૨૮. વલસાડ
પૂ.મુનિશ્રી યુગંધર વિજયજી મહારાજ સાહેબ
૧૨૯. શ્રી દિપકુંજ જૈન મિત્ર મંડળ (અમદાવાદ)
સા.શ્રી વસંતપ્રભાશ્રીજી
૧૩૦. ડી-કેબીન, જિ.સા.ટ્રસ્ટ ઉપાશ્રય
સા.શ્રી વિરલધર્માશ્રીજી
સા.શ્રી ભવ્યગુણાશ્રીજી
૧૩૧. ભાયખલા
સા.શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી
૧૩૨. બલેશ્વર તીર્થ - સુરત
સા.શ્રી અનંતકીર્તિશ્રીજી
૧૩૩. યેવલા (મહારાષ્ટ્ર)
સા.શ્રી રાજરત્નાશ્રીજી
૧૩૪. બોરીવલી (મંડપેશ્વર)
સા.શ્રી પુણ્યનિધીશ્રીજી
૧૩૫. શ્રી રામપુરા (મહારાષ્ટ્ર)
સા.શ્રી સંવેગનિધીશ્રીજી
૧૩૬. મઢી (ગુજરાત)
સા.શ્રી સંસ્કારનિધીશ્રીજી

દરેક સંઘોમાં સંઘની ભાવના મુજબ ૧-૨-૩ દિવસના ગુરુગુણજ્ઞાન મહોત્સવ, ત્રિદિવસીય મહોત્સવ, પંચસૂત્ર સંવેદના, વીશવિહરમાન વંદના, સકલ તીર્થ વંદના, રથયાત્રા, ગુણાનુવાદ, બે સામાયિક, ગુરુપાદુકાપૂજન, સ્તુતિ વગેરે, બે દ્રવ્યના એકાસણા, વિવિધ અનુષ્ઠાનો ખૂબ જ ભાવોલ્લાસપૂર્વક થયા.

તા.ક. : અમારા સુધી આવેલા સમાચારો મુજબ સ્થળો-વિગતો લખેલ છે. આ સિવાય પણ બીજા સ્થાનોમાં પૂજ્યોની નિશ્રામાં ગુણાનુવાદ-મહોત્સવો થયા તેની અનુમોદના...

# આ ચમત્કાર જ છે

## લેખક : પરમ પૂજ્ય પદ્મભૂષણ આચાર્યશ્રી વિજયરત્નસુંદર સૂરીશ્વરજી મહારાજ સાહેબ

માણસની સુખી થવા માટેની જે કેટલીક ઈચ્છાઓ હોય છે, એમાં પાંચ ઈચ્છાઓ મુખ્ય હોય છે : (૧) સારી જગ્યા પર પોતાનું ઘર હોય. (૨) એ સ્થળ પર સ્વચ્છ જળ મળતું હોય. (૩) પેટની પાચનશક્તિ બરાબર હોય. (૪) સ્વચ્છ હવા ઉપલબ્ધ હોય અને (૫) વાતાવરણમાં મોકળાશ હોય. આ પાંચેય સુખોનો 'પંચભૂત'માં સમાવેશ કરવો હોય તો મજેથી પૃથ્વીસુખમાં, જળસુખમાં, અગ્નિસુખમાં, વાયુસુખમાં અને આકાશસુખમાં સમાવેશ કરી શકાય.

અનંતોપકારી સિદ્ધાંત દિવાકર વર્તમાન ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાના સંયમ જીવનના ગુણવૈભવ પર જો નજર નાખીએ, તો સ્પષ્ટ ખ્યાલ આવી જાય કે, એઓશ્રી પાસે

- પૃથ્વીનો 'આધાર પ્રદાન' નો ગુણ છે.
- જળનો 'નિર્મળતાનો' નો ગુણ છે.
- અગ્નિનો 'ઉત્સાહ' નો ગુણ છે.
- વાયુનો 'ઠંડક પ્રકૃતિ' નો ગુણ છે.
- આકાશનો 'હૃદયની ઉદાત્તવૃત્તિ' નો ગુણ પણ છે. ક્રમશઃ વિચારીએ આ ગુણવૈભવને ?

માણસ પાણી પર નથી ચાલતો, આસમાનમાં નથી ચાલતો, પણ પૃથ્વી પર ચાલે છે. કારણ ?

પૃથ્વી કઠણ છે અને આધાર એ જ બની શકે કે જે કઠણ હોય. સીડીના પગથિયા કે મકાનના પગથિયા, કઠણ હોય છે તો જ એના પર પગ ટેકવી શકાય છે. કઠેડો કઠણ હોય છે, તો જ એના પર હાથ ટેકવી શકાય છે અને હાથમાં પકડેલ લાકડી કે કાખઘોડી કઠણ હોય છે, તો જ પગે ચાલીને ઈચ્છિત સ્થળે પહોંચી શકે છે.



પૂજ્યશ્રી આજે અનેક સંયમીઓ માટે અને અનેક યોગ્ય આત્માઓ માટે મજબૂત આધાર સ્થાન બની રહ્યા છે. સાધના માર્ગમાં આવતાં પ્રલોભનો ભલે ને આકર્ષક છે, કર્મો અને કુસંસ્કારોની આત્માને રિબામણ ભલે ને ભારે છે, સમસ્યાઓ અને મુંઝવણોથી મન ભલે ને ઘેરાયેલું છે, પણ જે પણ આત્માએ પૂજ્યશ્રીની આંગળી પકડી લીધી છે, એ આત્માએ પોતાની સલામતી નિશ્ચિત કરી જ દીધી છે.

શું કહું ?

કોક વિચિત્ર સ્થિતિમાં પૃથ્વી આધારસ્થાન બનવામાં ઊણી ઉતરતી હશે, પણ પૂજ્યશ્રી આધારસ્થાન બનવામાં ક્યાંય ઊણાં ઊતર્યા નથી અને આજેય ઊણાં ઊતરી રહ્યા નથી.

**આ છે પૂજ્યશ્રીનું પૃથ્વીસુખ !**

કપડાં ભલે ને મેલાદાટ થઈ ગયા છે અને શરીર ભલે ને કાદવમાં ખરડાઈ ચૂક્યું છે, તમે એને પાણીમાં બોળો છો કે ઝબોળો છો, એ સ્વચ્છ અને નિર્મળ થઈને જ રહે છે. પૂજ્યશ્રી પાસે મનની એવી નિર્મળતા છે કે પોતે તો ગલત નિમિત્તોની અસરથી કે બાહ્ય પ્રતિકૂળ પરિબળોથી અલિપ્ત રહે જ છે પણ અનેક ભવભીરુ અને પાપભીરુ આત્માઓના મનને ભવ આલોચના પ્રદાન કરતાં રહીને નિર્મળ બનાવતાં રહે છે.

શું કહું ?

પાણી તો તળાવમાં પણ હોય છે અને નદીમાં પણ હોય છે, છતાં તળાવનું પાણી ગંદુ હોય છે, જ્યારે નદીનું જળ નિર્મળ હોય છે. કારણ ?

તળાવ પોતાની પાસે આવતાં કચરાનો સ્વીકાર-સંગ્રહ બંને કરે છે, જ્યારે નદી પોતાની પાસે આવતાં કચરાનો સ્વીકાર જરૂર કરે છે, પણ સંગ્રહ તો બિલકુલ નથી કરતી.

બસ, પૂજ્યશ્રીનું મન આ નદીના જળ જેવું છે. સેંકડો આત્માઓના જીવનના દોષો અને પાપો પૂજ્યશ્રીએ વાંચ્યા છે જરૂર, સાંભળ્યા પણ છે જરૂર, પણ પૂજ્યશ્રીની મનોભૂમિ એની અસરથી સર્વથા મુક્ત રહી છે.

યાદ રાખજો, શરીર-કપડાની ગંદકી દૂર કરતું જળ સ્વયં પણ ગંદુ થઈ જાય છે, પણ અનેક આત્માઓના જીવનને દોષમુક્ત કરી ચૂકેલા પૂજ્યશ્રી કાયમ દોષમુક્ત જ રહ્યા છે. નિર્મળ અને પવિત્ર જ રહ્યા છે.

**આ છે પૂજ્યશ્રીનું જળસુખ !**

પૂજ્યશ્રીની આજે વય છે ૮૨ આસપાસની. ૫૦-૬૦ ની વય પછી ભલભલાની પાચનશક્તિ નબળી અને શિથીલ પડી જતી હોય છે. પણ આ વયે પણ પૂજ્યશ્રીના હૃદયમાં સ્વાધ્યાયનો-અનુપ્રેક્ષાનો અને વચન-વિનિયોગનો, આશ્રિતોના યોગક્ષેમનો, સંઘોના જટિલ પ્રશ્નોના નિરાકરણનો જે ઉત્સાહ ધબકી રહ્યો છે; એ ભલભલાને સ્તબ્ધ કરી દે તેવો અને આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવો છે.

હા, તમે વહેલી સવારના તેઓશ્રી પાસે પહોંચી જાઓ કે મોડી રાત્રે પહોંચી જાઓ, જો તેઓશ્રી એકલા બેઠા હોય તો દશવૈકાલિક જેવા ગ્રંથનો સ્વાધ્યાય કરતાં જોવા મળે અને બીજાઓ વચ્ચે બેઠા હોય તો કોક પંક્તિની અનુપ્રેક્ષા કે શાસનના મહત્ત્વના અંગોની ચર્ચા કરતાં જોવા મળે.

ટૂંકમાં, પૂજ્યશ્રીના હૃદયમાં ધબકતો ઉત્સાહનો અગ્નિ તમને ક્યારેય મંદ જોવા ન જ મળે.

**આ છે પૂજ્યશ્રીનું અગ્નિસુખ !**

શિશિરઋતુમાં વાયુ ભલે ને ગમે તેટલો ઠંડો હોય છે, પણ વૈશાખ-જેઠના આકરા તાપમાં એ વાયુ ગરમ થઈ જાય છે. એનો સ્પર્શ શરીરને દઝાડતો હોય છે. એના સ્પર્શથી બચવા લોકો ઘરના અને ઓફિસનાં બારી-બારણાં બંધ કરી દેતા હોય છે. પણ પૂજ્યશ્રીને તમે કોઈપણ ઋતુમાં મળો, કોઈપણ સ્થળમાં કે કોઈપણ પરિસ્થિતિમાં મળો, પૂજ્યશ્રીના ઠંડા દિમાગનો જ તમને અનુભવ થાય. યાદ રાખજો, પ્રતિકૂળ પરિસ્થિતિમાં અપ્રભાવિત રહેવું કે પ્રતિકૂળ વસ્તુમાં અપ્રભાવિત રહેવું હજી કદાચ શક્ય છે, પણ વ્યક્તિના પ્રતિકૂળ વર્તન વચ્ચે અને શરીરની પ્રતિકૂળ સ્વસ્થતા વચ્ચે મનને અપ્રભાવિત રાખતાં તો અચ્છા અચ્છા સાધકોને નવનેજાં પાણી ઊતરી જાય છે. પણ, આ બાબતમાં પૂજ્યશ્રીનું ઠંડું દિમાગ એ સાચે જ એક ગજબનાક ચમત્કાર છે.

**આ છે પૂજ્યશ્રીનું વાયુસુખ !**

તળાવ કરતાં નદી, નદી કરતાં સાગર અને સાગર કરતાં આકાશ ઉત્તરોત્તર પોતાનામાં વધુ ને વધુ દ્રવ્યોને અને જીવોને સમાવી શકે છે અને એમાંય આકાશની અસીમતાનું તો વર્ણન થાય તેમ નથી. પૂજ્યશ્રીનું હૃદય આકાશ જેવું અને આકાશ જેટલું ઉદાત્ત છે. સ્વશિષ્ય કે પરશિષ્ય, સ્વસમુદાય કે પરસમુદાય, બાળક કે યુવાન, પ્રૌઢ કે વૃદ્ધ, સાપરાધી કે નિરપરાધી, શ્રાવકો કે સંયમી, પાપી કે વ્યસની, સહુના પ્રત્યે, તમામ પ્રત્યે પૂજ્યશ્રીના હૈયામાં અફાટ પ્રેમ અને વાત્સલ્ય !

કોઈના ય જીવનના સત્કાર્યની કે સદ્‌ગુણની વાત સાંભળવા મળે અને પૂજ્યશ્રીની આંખે આંસુના તોરણ બંધાઈ જાય. અને કોઈના ય મુખે સ્વજીવનના દુષ્કૃતોની કબૂલાત સાંભળવા મળે અને પૂજ્યશ્રીની આંખમાંથી પ્રેમની વર્ષા થવા લાગે ! શું કહું ?

જગતના શ્રેષ્ઠતમ પદાર્થોના ત્યાગનું સત્ત્વ પેદા કરાવતાં વૈરાગ્યભાવના સ્વામી બન્યા રહેવું હજી એટલું કઠિન નથી, પણ આ જગતના અધમમાં અધમ જીવનો સ્વીકાર કરવાની ક્ષમતા પેદા કરાવતાં વાત્સલ્યભાવના સ્વામી બન્યા રહેવું એ તો અધ્યાત્મ જગતનો મોટામાં મોટો પડકાર છે અને પૂજ્યશ્રીએ આ પડકારને સહજરૂપે ઝીલી લીધો છે. જીવમાત્ર પ્રત્યે હૃદયમાં પ્રેમ અને વાત્સલ્ય, આંખમાં અમી અને વચનમાં માધુર્ય !

**આ છે પૂજ્યશ્રીનું આકાશસુખ !**

સંસારી આત્માને સરસ ઘર, સ્વચ્છ જળ, મસ્ત પાચનશક્તિ, સ્વચ્છ હવા અને મોકળાશ વાળી જગા; આ બધું મળી જવું કદાચ આશ્ચર્ય ગણાતું હશે, પણ અધ્યાત્મ જગતમાં પ્રવેશ કરી ચૂકેલા સાધક પાસે પૃથ્વીવત્ મજબૂત આધારસ્થાન, જળવત્ નિર્મળ મન, અગ્નિવત્ ઉત્સાહ સભર હૃદય, વાયુવત્ ઠંડું દિમાગ અને આકાશવત્ ઉદાત્ત હૃદય આ બધું જ હોવું; એ ચમત્કાર જ છે. અને પૂજ્યશ્રી આ ચમત્કાર સ્વરૂપ છે.

પૂજ્યશ્રીના ગચ્છાધિપતિપદનાઆરજતસામ્રાજ્ય વર્ષમાં પૂજ્યશ્રી પાસે કશું માંગવું તો નથી, પણ પૂજ્યશ્રીને વિનંતી કરવી છે કે અમારી પાસે રહેલા ગલત અનુરાગના, ગલત અભ્યાસના અને ગલત સંસ્કારના નુકસાનકારક વારસાને અમે આપના ચરણે ધરી દેવા માંગીએ છીએ. આપશ્રી એને સ્વીકારી લો અને એ પછી અમારામાં એવો શુદ્ધિપાત કરો કે આપશ્રી પાસે રહેલ પંચભૂતના સુખનો વારસો અમને ય મળીને જ રહે. આપશ્રીની સાથે અમારું ય ઠેકાણું પડી જશે.

**કૃપાકાંક્ષી રત્નસુંદરની કોટિશઃ વંદના...**

## સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાના ગચ્છાધિપતિ પદ રજત જયંતિ પર્વે



### અષ્ટક રચના

श्रीजिनशासनव्योम, रात्रिंदिवा प्रकाशते ।
सूरिमेतादृशं लब्ध्वा, निशापत्यर्यमासमम् ॥१॥

શ્રી જિનશાસનરૂપી આકાશ ચંદ્ર-સૂર્ય સમાન આવા આચાર્ય ભગવંતને પામી રાત-દિવસ પ્રકાશી રહ્યું છે.

जगति यौवनस्थे यो, गीतार्थत्वे धृतेऽपि च ।
स्पृष्टो न स्तोकगर्वेणा-ऽपि नम्रतोपशोभितः ॥२॥

આ જગતમાં ઉદ્ધતાઈની સંભાવનાવાળા યૌવનવયમાં ગીતાર્થતાને ધારણ કરવા છતાં નમ્રતાથી ભરેલ જેઓ થોડા પણ ગર્વથી સ્પર્શાયા નથી.

यस्य प्रशम-गांभीर्य, भृतहृत्क्षीरसागरः ।
स्पर्द्धया चुलुकीचक्रे, स्वयंभूरमणोदधिम् ॥३॥

જેઓશ્રીના પ્રશમ-ગાંભીર્યથી ભરેલ હૃદયરૂપી ક્ષીરસાગરે સ્પર્ધાથી વિશાળ સ્વયંભૂરમણ સમુદ્રને ચુલુક (હાથમાં રહેલ પાણી) સમાન નાનો કર્યો.

घोषितो येन संपूर्णे, विश्वे जयोऽभिमानतः ।
हेलया जितवान् कामं, ब्रह्मादायायुधं हि तम् ॥४॥

અભિમાનથી જેણે આખા વિશ્વમાં પોતાનો જય-ઘોષ કર્યો છે, તે કામને જેમણે બ્રહ્મચર્યરૂપી શસ્ત્ર દ્વારા રમતમાં જીતી લીધો છે.

षड्युक्चतुर्दिग्व्याप्तो, महानुदारता गुणः ।
अद्यदीक्षितसाधूनां, सहायकप्रदानतः ॥५॥

આજના દીક્ષિત સાધુને પણ સહાય કરવા દ્વારા જેઓશ્રીનો મહાન ઉદારતા ગુણ દશે દિશામાં ફેલાયેલ છે.

सूरिं प्रेमाभिधानं हि, लब्ध्वा बाल्यवये गुरुम् ।
आज्ञाऽऽराद्धाऽऽजर्नि येन, तस्य पादौ नमाम्यहम् ॥६॥

બાલ્યાવયમાં જેમણે પ્રેમસૂરિ મહારાજા નામના ગુરુદેવને પામી તેઓશ્રીના આજ્ઞા આજન્મ આરાધી તેઓશ્રીના પદકમલે નમસ્કાર કરું છું.

रिक्तीकरोति भव्यानां, दोषमलभृतान्हृदः ।
प्रायश्चित्तप्रदानेन, रसायणसमेन वै ॥७॥

રસાયણ સમાન પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા જેઓ ભવ્યજીવોના દોષો રૂપી મલથી ભરેલ હૃદયને ખાલી કરે છે, શુદ્ધ કરે છે.

आद्याक्षरेण पद्यस्य, येषां नाम प्रकाशितम् ।
भुवनभानुसूरीणां, पट्टधरा जयन्तु ते ॥८॥

આ અષ્ટકના પ્રથમ અક્ષરથી જેઓશ્રીનું નામ જણાવવામાં આવ્યું છે, તે પૂજ્ય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર એવા પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા જય પામો.

વિ.સં.૨૦૪૬, કોઈમ્બતુર

: રચયિતા :

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી સત્યકાન્તવિજયજી મહારાજ**

### ગુરુમંત્ર ગર્ભિત પુષ્પાંજલિ

**नँ**
यथा छन्दसामाद्यो, तथाऽऽद्यो यो महात्मनाम् ।
**गच्छ**
छनाथं गुणाढ्यं, तं जयघोषर्षये नमः ॥१॥

નઁ જેમ છંદોમાં પ્રથમ છે, તેમ મહાત્માઓમાં પ્રથમ, ગચ્છાધિપતિશ્રી જયઘોષ મહર્ષિને શત શત વંદન.

**छा**
या कल्पतरोः किं वा, किं वा माताऽतिवत्सला
**धि**
ष्ण्यं वाऽऽत्मीयता पूर्ण-महो ! सद्‌गुरवे नमः ॥२॥

શું આ કલ્પવૃક્ષની છાયા છે ? કે પછી ખૂબ વત્સલ માતા છે ? કે પછી પોતીકું હૂંફાળું ઘર છે ? અહો ! સદ્‌ગુરુને શત શત વંદન.

**प**
रमं यस्य विज्ञानं, चारित्रं परमं तथा ।
**ति**
तिक्षा परमा यस्य नमस्तस्मै तपस्विने ॥३॥

પરમ છે એમનું વિજ્ઞાન, પરમ છે એમનું ચારિત્ર ને પરમ છે એમની ક્ષમા. એ તપસ્વીને અમારા શત શત વંદન.

**श्री**
वृता यं स्वयं साक्षात्, गुणक्रीता महामतिम् ।
**ज**
गत्यतुल्यपुण्याय, तस्मै पुण्यात्मने नमः ॥४॥

એ મહામતિના ગુણો એવા કે સ્વયં લક્ષ્મી વશ થઈને એમને વરી ગઈ. જગતમાં અતુલ્ય છે એમનું પુણ્ય એ પવિત્ર આત્માને અમારા શત શત વંદન.

**य**
स्य स्फटिकनैर्मल्यं, दधानं मन उच्चकैः ।
**घो**
षयत्यान्तरैश्वर्यं, तस्मै विभविने नमः ॥५॥

એમનું મન છે સ્ફટિક જેવું નિર્મળ, એ જ તો આંતરિક ઐશ્વર્યની ઘોષણા છે. એ ભીતરી વૈભવના સ્વામીને અમારા શત શત વંદન.

**ष**
ण्णामन्तरारातीनां, यस्य नाम भयावहम् ।
**सू**
रभटाय भटायाहो ! तस्मै शूरात्मने नमः ॥६॥

એમનું નામ પડે ને ભીતરી છ શત્રુઓ-કામ, ક્રોધ વગેરે ફફડી જાય છે. આંતર સંગ્રામના એ પરાક્રમી યોદ્ધાને, એ શૂરવીર આત્માને અમારા શત શત વંદન.

**र**
मणीयस्वरूपस्य, स्वरूपरमणस्य च ।
**ये**
करिष्यन्त्यनुध्यानं, ते यास्यन्ति परां गतिम् ॥७॥

રમણીય છે એમનું સ્વરૂપ, સ્વરૂપમાં જ રમે છે એ, જે એમનું ધ્યાન કરશે એ પરમ ગતિ પામશે જ.

**न**
ह्यतोऽपि परं कार्यं, न ह्यितोऽपि परं शुभम् ।
**मः**
सुजितो भवेदेव-मेवं हि परमं शिवम् ॥८॥

આથી વધુ કંઈ કર્તવ્ય પણ નથી ને આથી વધુ કંઈ શુભ પણ નથી. આ રીતે મૃત્યુ પર સંપૂર્ણ વિજય પણ મળશે અને પરમ શ્રેય પણ મળશે.

**પરમ પૂજ્ય મુનિશ્રી જિનપ્રેમવિજયજી મહારાજ**

## આજની વાત

**પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરિજી મહારાજ સાહેબ**

**('ધર્મનું સ્વરૂપ' વિષયક સ્વરૂપ ધર્મગર્ભિત ગંભીર તત્ત્વચિંતન લેખમાંથી...)**

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના શાસનનો આધાર છે : (૧) કષાયનો જય (૨) ઈન્દ્રિયો-વિષયોનો નિગ્રહ.

એટલે કે વિષય-કષાયનો નિગ્રહ-જયપૂર્વકના કે નિગ્રહ-જય પ્રાપ્ત કરવાની તમન્ના-ભાવનાવાળા જીવોના વૈરાગ્યના આધાર પર શાસન ચાલે / ટકે છે. વિષય-કષાયના ત્યાગ-જયપૂર્વકના વૈરાગ્યને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય.

જ્યાં વિષય-કષાયની પરિણતિ ઘટે, ત્યાં જૈનધર્મ હોય. અન્યદર્શની બાવા, સંન્યાસી, જેઓ અલ્પકષાયી છે, ત્યાં જૈનધર્મ નિકટમાં પ્રાપ્ત થાય. પ્રાપ્ત ધર્મ વિકસિત થાય.

જૈનોના દેવ વિષય-કષાય રહિત વીતરાગી છે.

જૈનોના ગુરુ વિષય-કષાયના ત્યાગ-જયથી વૈરાગી છે.

તો જૈનો વિષય-કષાયના નિગ્રહની ભાવનાવાળા, વિષય-કષાય રહિત વીતરાગને તથા વિષય-કષાયના નિગ્રહમાં પ્રયત્નશીલ વૈરાગી ગુરુભગવંતને પૂજનાર, વૈરાગ્ય મેળવવા ઝંખના ને પ્રયત્નવાળા હોય છે.

આ વૈરાગ્ય; વિવેકથી આવે છે. વિવેક; કષાયના જય અને વિષયના ત્યાગથી-ત્યાગની ભાવનાથી આવે છે. આ જય અને ત્યાગની ભાવના આંશિક પ્રયત્ન; એ જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ છે.

જેને કષાયજય અને વિષયત્યાગ ગમે, તેને નામાન્તર-રૂપાન્તરથી શાશ્વત સ્થાન મોક્ષ ગમે, તેને પુદ્ગલની રમતો ને કષાય-કષાયના કારણો ન ગમે, વૈરાગ્યને ઝંખતો તેનો આત્મા કષાય-નોકષાયથી દૂર રહેવા ઈચ્છે-તેવો પ્રયત્નશીલ રહે, સંસારી-ભૌતિક ઋદ્ધિ-વૈભવને દુઃખ અને દુઃખના કારણ રૂપે જુવે-અનુભવે. જેમ જેમ વૈરાગ્ય વૃદ્ધિંગત થતો જાય, તેમ તેમ ચારેગતિરૂપ સંસારના સુખ સુખરૂપ ન લાગે, ઉપાધિ પરવશતા ને દુઃખરૂપ લાગે. સંસારમાંથી તેનું મન અને મનનો રસ નિવૃત્ત થાય; આવો વૈરાગ્ય એ ધર્મ છે.

આવા વૈરાગ્યરૂપી ધર્મ માટે એના કારણભૂત દાન-શીલ-તપ અને શુભભાવ; એ પણ ધર્મ છે. આ જ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ, એ પણ વૈરાગ્ય ઉપર નિર્ભર છે, માટે આંતરિક ધર્મ છે.

દેવ-ગુરુની ઉપાસના રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનને ઘટાડી વિવેક અને વૈરાગ્યમય બનાવે છે. જેથી આત્મા સાત્ત્વિક અને તાત્ત્વિક ગુણસંપન્ન બને છે. વૈરાગ્ય; એ સાત્ત્વિક ને તાત્ત્વિક ગુણસંપન્ન બનવાનો ઉપાય છે. વીતરાગી દેવની આદર ભક્તિ આત્માને એમના જેવા સાત્ત્વિક અને તાત્ત્વિક બનાવે છે.

માટે જ જૈનોના દેવ-ગુરુ અને ધર્મ; એ વૈરાગ્યમય બની મોક્ષે જવાનો ધોરી માર્ગ છે. વૈરાગી બન્યા વિના મોક્ષે જવાતું નથી.

જૈનધર્મનું સ્વરૂપ છે : વિવેકપૂર્વકનો વૈરાગ્ય. માટે દેવ-ગુરુની ભક્તિ-આશીર્વાદથી અનેક પ્રકારે દાન-શીલ-તપ-ભાવધર્મ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ધર્મની ઉપાસનાથી વિવેકી અને વૈરાગી બનવું. આ જ ક્રમે ઉત્તરોત્તર આગળ વધતાં વધતાં વિવેક અને વૈરાગ્યના પાયા પર કેવલજ્ઞાન સુધી પહોંચાય છે. મોક્ષપ્રાપ્તિ સુધી પહોંચાય છે.

આ માટે હંમેશા ક્રિયા અને ભાવના દ્વારા ધર્મસ્વરૂપમાં-વિવેકપૂર્વકના વૈરાગ્યમાં પ્રયત્ન કરવો, એ જ...

...સંકલન...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

## અથ વૈવિધ્યમ્

શ્લોક : ''परिणामो वि अ णियमा, आणाबज्झो ण सुंदरो भणिओ ।
तित्थयरेऽबहुमाणासग्गहदुट्ठो त्ति तंतंमि ॥''
( उपदेश रहस्ये-५ )

શ્લોકાર્થ : જીવદયાદિ વિષયક શુભ પરિણામ પણ સુંદર નથી, જો તે આજ્ઞાનિરપેક્ષ હોય. કારણ કે તેવો કહેવાતો શુભ પરિણામ પણ પરમાત્મા પ્રત્યેના અનાદર અને અસદ્ગ્રહથી કલંકિત છે.

વિવેચન : કોઈપણ શુભ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરતાં પૂર્વે આરાધક આત્મા વિચારે છે કે આમાં પરમાત્માની આજ્ઞા શું છે ?

બધી જ ધર્મપ્રવૃત્તિઓ ને આંતરિક શુભ ચિત્તવૃત્તિઓ; આ બધું જ પરમાત્માની આજ્ઞામાં સમાયેલું છે. એક નાની કીડીને બચાવાની જીવદયાથી માંડી સર્વસાવદ્યની વિરતિ સુધી પરમાત્માની આજ્ઞાનો વિસ્તાર છે. મૈત્રી-પ્રમોદ વગેરે ભાવનાથી લગાવી સર્વથા રાગ-દ્વેષ-મોહના ક્ષય સુધી પરમાત્માની આજ્ઞા ફેલાયેલી છે.

બાહ્યપ્રવૃત્તિમાં રક્ષા અને જયણા, આંતરચિત્તવૃત્તિમાં નિર્મળતા અને ઉપશાંતતા...પ્રત્યેક જીવની ભૂમિકા ભેદે આજ્ઞાઓ બદલાતી હોય છે.

'તીવ્રભાવે પાપ નવિ કરે' એ અપુનર્બંધક કક્ષાની વાત છે, તો 'सव्वं सावज्जं जोगं पच्चक्खामि' એ ૬ઠ્ઠા-૭મા ગુણસ્થાનકની આજ્ઞા છે.

આદિ ધાર્મિકે સ્વીકારેલ નાની પણ પ્રતિજ્ઞા પ્રશંસનીય બને છે, તેની અવિધિ પણ નિંદનીય નથી બનતી, તો વર્ષોના આરાધકની નાની પણ ભૂલ, થોડી પણ અવિધિ પ્રાયશ્ચિત્ત યોગ્ય બની જાય છે.

કો'ક જીવનો થોડોય પાપનો ઘટાડો ઉપહાર યોગ્ય બની જાય છે, તો કો'ક જીવની થોડી ય પાપની પ્રવૃત્તિ ઉપાલંભ યોગ્ય થાય છે; આમ ક્યાંક ઈનામ તો ક્યાંક ઠપકો; બધે જ પરમાત્માની આજ્ઞા છે.

તો મૂળ પ્રશ્ન એ આવીને ઊભો રહે છે : 'આજ્ઞા' એ છે શું ? આજ્ઞાને એક જ શબ્દમાં મુખરિત કરવી હોય, તો એ શબ્દ કયો ?

મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજા આજ્ઞા શબ્દની વ્યાખ્યા એક જ શબ્દમાં આપે છે : ગુરુપારતન્ત્ર્ય.

વિચારણીય બાબત હવે એ બને છે કે આપણે જે શુભભાવોને શુભ-સુંદર-શ્રેષ્ઠ સમજી બેઠા છીએ; એ સાચા અર્થમાં શુભ છે ખરા ? આપણી પ્રવૃત્તિઓ ને વૃત્તિઓ ભલે શાસ્ત્ર-વચનપૂર્વકની હોય, પણ એ આજ્ઞાપૂર્વકની છે ખરી ? સ્વચ્છંદી ને સમર્પિત; બન્નેની બાહ્ય પ્રતિક્રમણ વગેરે પ્રવૃત્તિઓ ને આંતરિક જીવરક્ષાદિથી માંડી મહાવ્રત પાલન સુધીની પરિણતિઓ સરખી હોવા છતાં તે બે આત્માના પુણ્યબંધ અને પાપક્ષયમાં તફાવત શા કારણે ઊભો થાય છે ? ભલે બન્નેની વૃત્તિ-પ્રવૃત્તિ શાસ્ત્રવચન પૂર્વકની છે, પણ આજ્ઞા તો એકની-સમર્પિતની પાસે જ જળવાઈ છે, માટે જ એ મેદાન મારી જાય છે !

માટે જ ઉપદેશ રહસ્ય એક જ લાઈનમાં આખી ય જિંદગીની વૃત્તિ-પ્રવૃત્તિનો છેદ ઉડાડતાં કહી દે છે : 'જીવ ! તારી આ એકે ય વૃત્તિ-પ્રવૃત્તિ નિયમા સુંદર નથી, જો તું આજ્ઞાબાહ્ય છે તો !'

સમજવા જેવી વાત તો આ છે કે અહીં 'આજ્ઞા' તરીકે જિનાજ્ઞા કે શાસ્ત્રાજ્ઞા વ્યાખ્યાયિત નથી કરાઈ, અહીં 'આજ્ઞા' તરીકે માન્ય છે : ગુર્વાજ્ઞા, ગુરુપારતન્ત્ર્ય.

એટલે જ ગ્રન્થકારશ્રી મહોપાધ્યાયજી મહારાજ ગુરુતત્ત્વ-વિનિશ્ચય ગ્રન્થના પ્રારંભમાં નીડરતાથી સ્પષ્ટતા કરી દે છે : 'गुरु आणाए मुक्खो' મોક્ષ જોઈએ છે ? ગુર્વાજ્ઞાના શરણે ચાલ્યા જાવ. મોક્ષનું કારણ ગુર્વાજ્ઞા છે.

માટે જ, 'ગુરુ છદ્મસ્થ છે, ભૂલ તો તેમનાથી ય શક્ય છે, તો શાસ્ત્રાજ્ઞા છોડી શી રીતે ગુર્વાજ્ઞાને પકડી શકાય ?' એ તર્ક ગેરવ્યાજબી ઠરે છે. ગુરુ ભલે છદ્મસ્થ છે, પણ ગુર્વાજ્ઞા તો કેવલી દ્વારા પ્રમાણિત છે.

માની લીધું કે ચંડરુદ્રાચાર્યજીએ ભૂલ કરી, સ્વીકારી લઈએ કે ચંદનબાલાશ્રીજીએ ભૂલ કરી, સમજી ગયા કે શીતલાચાર્યજીએ ભૂલ કરી, પણ ગુર્વાજ્ઞાને પાળતાં તે શિષ્ય કે શિષ્યા તો ઠેઠ કેવલજ્ઞાન પામી ચૂક્યા ! મતલબ સ્પષ્ટ છે : ભૂલ દ્વારા થતી ગુર્વાજ્ઞા કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં ય બાધક નથી !

અને આશ્ચર્ય તો એ વાતનું છે કે જ્યારે જ્યારે આપણે ગુર્વાજ્ઞાને ઓળંગીએ છીએ, ત્યારે ત્યારે આપણે અનાદર તીર્થંકર પરમાત્માનો કરી બેસીએ છીએ.

ગુર્વાજ્ઞા ઉલ્લંઘનમાં (૧) અસમર્પણ-સ્વચ્છંદતા અને (૨) તીર્થંકર અનાદર થતો હોવાથી શુભભાવો-શુભક્રિયાઓનું સ્વરૂપ 'સુંદર' રહેતું નથી.

માટે 'શાસ્ત્રોક્ત પ્રવૃત્તિ'ના ભ્રમને છોડી 'ગુર્વોક્ત પ્રવૃત્તિ'ને આદરીએ. આ 'ગુર્વાજ્ઞા'માં ય વિશેષ સ્પષ્ટતા કરતાં પૂજ્યપાદ સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રીનું સુવર્ણ વાક્ય ટાંકી વાત પૂરી કરું- 'સ્વર્ગસ્થ ગુરુ (ગુર્વાજ્ઞા) કરતાં જીવંત ગુરુ ચઢીયાતા છે.' શાનમાં સમજી જઈએ તો સારું !

...આલેખન...

**પરમ પૂજ્ય મુનિરાજશ્રી રત્નભાનુવિજયજી મહારાજ**

# એક વચનથી અજવાળું

(૧) આત્મસ્વરૂપમાં વિચરવું એટલે શું ? આત્મસ્વરૂપ અર્થાત્ વારંવાર પોતાનું આત્મસ્વરૂપ યાદ કરવું.

**- ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨) 'ધર્મની મહાન દિવાલ ચણો' જે ખરાબ વિચારને અંદર ન આવવા દે.

**- આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૩) દુનિયાના પદાર્થો મારા નથી, કાં તો એ પદાર્થો મને મૂકીને જશે અથવા મારે એ પદાર્થોને મૂકીને જવું પડશે. આવા વિનશ્વર પદાર્થો પ્રત્યે મોહ-મમત્વ છોડવું; એ જ સુખનો સાચો માર્ગ છે.

**- આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૪) તત્ત્વ ઉપરનું ચિંતન એ પણ જિનાજ્ઞા છે - જિનાજ્ઞાની ઉપાસના છે.

**- આચાર્ય શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૫) જીવનના તમામ સુકૃત અને દુષ્કૃત પ્રગટ થતાં નબળા પડે છે અને ગુપ્ત રહેતાં સબળ બને છે.

**- આચાર્ય શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૬) જીવનમાં બે પ્રકારના ચેન્જ આવે છે : (૧) પરિવર્તન સ્વરૂપે (૨) પતન સ્વરૂપે. પરિવર્તન સ્વરૂપે થતો ચેન્જ એ આશીર્વાદ સ્વરૂપ છે, જ્યારે પતન રૂપે થતો ચેન્જ અભિશાપ સ્વરૂપ છે.

**- આચાર્ય શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૭) જે ચીજ તમારી પાસે નથી, તેના કારણે તમે દુઃખી છો, તો એ ચીજ જેની પાસે છે, તે બધા સુખી છે કે નહીં ? તે ચેક કરી લો.

**- આચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૮) સંત સમાગમ જીવને દુઃખ અને પાપથી છોડાવે.

**- આચાર્ય શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૯) પુષ્પો, ચંદન, કસ્તૂરી કે અત્તરની સુગંધ વાયુ સામેની દિશામાં નથી જઈ શકતી. એક માત્ર સાધુઓના સંયમની સુવાસ દશે દિશામાં ફેલાય છે.

**- આચાર્ય શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૦) પેટ ભરીને સુખી થતાં તો પશુને પણ આવડે છે, પરંતુ બીજાને ખવડાવીને રાજી થવાનું કામ માત્ર માણસનું જ છે. આ આનંદ માણવા જેવો છે.

**- આચાર્ય શ્રી ચંદ્રજિત્સૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૧) હિંસાદિ પાપાચરણથી ચિત્ત કલુષિત-ગંદુ બને છે અને અહિંસા વગેરે ધર્માચરણથી મન નિર્મળ બને છે.

**- આચાર્ય શ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૨) જ્યારે તમારી પાસે કશું જ બચ્યું નથી હોતું, ત્યારે પણ ભવિષ્ય તો બચ્યું જ હોય છે... આત્મહત્યા દ્વારા એ ભવિષ્યનો સ્વયં નાશ શા માટે કરવો ?

**- આચાર્ય શ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૩) આગ લાગે ત્યારે દુશ્મન પણ પાણી લઈને આવે તો આવકારવા પડે, તો જીવનમાં ભૂલ થાય ને કોઈ પણ કહે તો સ્વીકારવું પડે.

**- આચાર્ય શ્રી પદ્મસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૪) પાપ છુટતાં નથી, પાપ છોડવા પડે છે.

**- આચાર્ય શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૫) સાધના કોઈ પણ હોય - સમતા Common Factor છે.

**- આચાર્ય શ્રી વિશ્વકલ્યાણસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૬) ઉધઈ લાકડાને ખતમ કરે છે, તો દોષો આત્માને ભીતરથી ખતમ કરે છે.

**- આચાર્ય શ્રી અભયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૭) જે તક ગુમાવે છે, એ તકલીફમાં પડે છે. જે તક ઝડપે છે, એ તકદીર સર્જે છે.

**- આચાર્ય શ્રી કુલબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૮) જેના જીવનમાં સંતોષાદિ ગુણોની પ્રતિદિન વૃદ્ધિ થતી હોય, તેનું જીવન અને મરણ સમાધિમય બને.

**- આચાર્ય શ્રી યશોરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૧૯) લોકસ્વરૂપ ભાવના : રાજકથા, દેશકથા, ભક્તકથા અને સ્ત્રીકથા; એ કર્મબન્ધનું કારણ છે, પણ ૧૪ રાજલોકનું ચિંતન કરવું એ સંસ્થાન વિચય નામનું ધર્મધ્યાનછે. કારણકે વિશ્વના ભાવોનું ચિંતન કરી કર્મના અપાયોથી બચવાનું છે.

**- આચાર્ય શ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૦) આપણે ય કેવા હોંશિયાર છીએ ? સારું કામ કરીએ તો 'એ તો મેં કર્યું છે' એમ કહીએ, અને ખોટું કામ કરીએ તો 'મારાથી થઈ ગયું' એમ બોલીએ.

**- આચાર્ય શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૧) જિંદગીના ત્રણ ભયસ્થાન : ખરાબ સંગ, ખરાબ સાહિત્ય, ખરાબ સ્થાન.

**- આચાર્ય શ્રી રવિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૨) વિચારોમાં પરમાત્માની યાદ, અંતરમાં અર્હંનો નાદ, તો ન રહે કોઈ ફરિયાદ.

**- આચાર્ય શ્રી હરિકાંતસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

(૨૩) જ્ઞાનયોગ વગર ક્રિયાયોગમાં ક્યારે પણ વ્યવસ્થિત બનાતું નથી.

- આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૪) પરમતાના પરમોચ્ચ શિખરે પહોંચાડતું શ્રેષ્ઠ ચાલક બળ જ છે : સ્વાર્થ વિનાની સેવા, અપેક્ષા વિનાનું અન્ય માટે કરેલું કામ, કદરની કામના વિના બજાવેલું કર્તવ્ય.

- આચાર્ય શ્રી અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૫) પ્રભુને કરેલું એક શ્રદ્ધાભર્યું નમન, વાસનાનું શમન ને પાપોનું દહન કરે છે.

- આચાર્ય શ્રી પદ્મભૂષણરત્નસૂરિજી મહારાજ સાહેબ.

(૨૬) જરૂરીયાતોને પહોંચી શકાય, ઝંખનાઓને નહીં. આવશ્યકતા પૂરી શકાય, અપેક્ષાઓ નહીં જ.

- આચાર્ય શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૭) આપણે સારા બનવા માટે આપણે જ સારા બનવું જરૂરી છે. બીજાએ સારા બનવું જોઈએ, તેવો આગ્રહ આપણે શા માટે રાખતાં હોઈશું ?

- આચાર્ય શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૮) મળેલ જીવનને પ્રસન્નતાથી ભરી દેવું હોય, ઉકળાટો, ફરિયાદો, અસંતોષ વગેરેમાંથી છુટકારો મેળવવો હોય, સમાધિભાવને પામવો હોય તો સમાધાનવૃત્તિ કેળવવાનો પ્રયત્ન કરવો. 'સમાધાનમ્ સમાધિ:' સૂત્રને આત્મસાત્ કરવું.

- આચાર્ય શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૨૯) ખરાબ આહાર તનને નુકશાન કરે છે, જ્યારે ખરાબ વિચાર મનને નુકશાન કરે છે.

- આચાર્ય શ્રી હીરચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૦) પ્રીત બાંધવી છે, તો પ્રભુ સાથે બાંધો. બેડો પાર થઈ જશે.

- આચાર્ય શ્રી જિનસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૧) ભગવાન અને ગુરુનું બંધન; એ મુક્તિનો ઉપાય છે.

- આચાર્ય શ્રી મલયકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૨) જિનશાસનની સ્થાપના શ્રુતજ્ઞાનથી, જિનશાસનનું સંચાલન શ્રુતજ્ઞાનથી, જિનશાસનનો આધાર શ્રુતજ્ઞાન.

- આચાર્ય શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૩) તત્ત્વચિંતનથી અસમાધિ ભાવમાંથી સમાધિ ભાવમાં આવી શકાય છે.

- આચાર્ય શ્રી ધર્મયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૪) 'જે છે તે બધુ પરમાત્માનું જ છે, મારું કશું જ નથી.' આ સમર્પણનો સૂર છે અને આ સૂરમાં જ ભક્તિનો વિસ્તાર થાય છે.

- આચાર્ય શ્રી હર્ષવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૫) ઉધઈ કાષ્ઠને ભીતરથી ખતમ કરે છે, દોષો આત્માને ભીતરથી ખતમ કરે છે.

- આચાર્ય શ્રી રશ્મિરાજસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૬) ગમતું હોય એ બધું મળી જાય, તેને પુણ્યોદય કહેવાય અને જે મળે એ બધું ગમી જાય, તેને સમજદારી કહેવાય છે.

- આચાર્ય શ્રી જિનેશરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૭) બાહ્ય ઉપાયોમાં જોડાઈએ, તે વ્યવહાર. અંતરંગ ઉપયોગમાં જોડાઈએ, તે નિશ્ચય.

- આચાર્ય શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૮) સર્વ પાપોનો, સર્વના પાપોનો અને સર્વથા પાપોનો નાશ કરવાની તાકાત પંચપરમેષ્ઠિને કરાતાં નમસ્કારમાં છે.

- આચાર્ય શ્રી ધર્મરક્ષિતસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૩૯) સંસાર રસિક આત્માની દરેક પ્રવૃત્તિ આહાર, ભય, મૈથુન, પરિગ્રહસંજ્ઞા યુક્ત હોય.

- આચાર્ય શ્રી મુનીશરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪૦) જે ક્રિયામાં આદર અને સાતત્ય હોય, તેના સંસ્કાર પડે છે.

- આચાર્ય શ્રી મેઘવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪૧) સારું કરતા જાઓ - પ્રભુ મળશે. ખોટું છોડતાં જાઓ - તમે તમને મળશો.

- આચાર્ય શ્રી દર્શનવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪૨) માત્ર કાયિક સ્થિરતા તો બગલા પાસે પણ હોય. ધ્યાન એટલે નિર્મળતા સાથેની સ્થિરતા.

- આચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪૩) અંધકાર પછી નિશ્ચિત સમયે અજવાળું થાય છે. અહંકાર પછી કેટલા સમયે નમ્રતા આવે ? તે કહી શકાતું નથી.

- આચાર્ય શ્રી હૃદયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪૪) વિભૂતિ બનવા માટે તો આપણા અનંતકાલીન કષાયોની ભભૂતિ કરવી પડે.

- આચાર્ય શ્રી જિતરક્ષિતસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪૫) ધર્મી આત્મા તે કહેવાય કે જે વિચાર, વાણી, વર્તનથી બીજાની ધર્મશ્રદ્ધાને ભાંગનાર ન હોય.

- આચાર્ય શ્રી નિપુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪૬) શ્રીપાળ રાજા જેવી અનુકૂળતા, અનુપમતા કે ઐશ્વર્યશાલિતા નથી મળતી તે ખટકે છે, પરંતુ તેમના જેવી અનાસક્તિ, ઉદારતા અને ક્ષમાશીલતા નથી આવતી, તે ખટકે છે ?

- આચાર્ય શ્રી સંયમબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

(૪૭) જિનાજ્ઞા પાલન; એ શિવસુંદરનો સંકેત છે.

- આચાર્ય શ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

## સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા** આદિ શ્રમણ-શ્રમણીવૃંદના વિ.સં.૨૦૭૩ના **વર્ષાવાસ** નો ઉત્સવ

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

વૈરાગ્યદેશનાદક્ષ પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

સંયમૈકલક્ષી પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ**

પ્રવચનશિખર પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય મહાબોધિસૂરીશ્વરજી મહારાજ**

વર્તમાનતપોનિધિ પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ**

પરમ પૂજ્ય પંન્યાસ **શ્રી પદ્મસેનવિજયજી ગણિ**

આદિ પંન્યાસ, ગણિ, મુનિ ભગવંતો

### ઉપસ્થિત શ્રમણીવૃંદ...

વૈરાગ્યવારિધિ પૂજ્ય આચાર્ય **શ્રી યશોદેવસૂરિજી મહારાજ**ની પરંપરામાં શ્રમણીગણનાયક પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય અભયશેખરસૂરીશ્વરજી મહારાજ**ના આજ્ઞાનુવર્તિની વર્ધમાનતપોનિધિ પૂજ્ય સાધ્વીજી **શ્રી ઉજ્જ્વલધર્માશ્રીજી** વિશાળ શ્રમણીવૃંદ સાથે પધારશે.

### : પ્રવેશ :

**શુભ દિન**

**અષાઢ સુદ-૯**

**તા. ૨-૭-૨૦૧૭ રવિવાર**

**સવારે ૮-૦૦ કલાકે**

**નિમંત્રક**

**શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય - ખારા ઓર્થો. હોસ્પિટલ પાસે, રામનગર, સાબરમતી, અમદાવાદ.

ફોન : ૦૭૯-૨૭૫૦૭૦૪૫

પરમ પૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ**શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્યદેવ**શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્યદેવ**શ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી વિજય મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પરમ પૂજ્ય આચાર્ય**શ્રી વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં **આગામી સંભવિત કાર્યક્રમ**

| તિથિ | તારીખ | વાર | સ્થળ | વિગત |
|---|---|---|---|---|
| અષાઢ સુદ ૯ | ૨-૭-૧૭ | રવિવાર | સાબરમતી | પૂ.ગચ્છાધિપતિશ્રી આદિ ગુરુભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ |
| અષાઢ સુદ ૯ | ૨-૭-૧૭ | રવિવાર | સાબરમતી | સૂરિપ્રેમ સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી નિમિત્તે ભારતભરમાં ફરનારી રથયાત્રાનો પ્રારંભ |
| અષાઢ સુદ ૧૦ | ૩-૭-૧૭ | સોમવાર | સાબરમતી | મુમુક્ષુ પ્રિયાકુમારીની દીક્ષા |
| અષાઢ સુદ ૧૨ | ૫-૭-૧૭ | બુધવાર | સાબરમતી | પૂ.આ.શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.નો સાબરમતી નૂતન ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ |
| અષાઢ સુદ ૧૪ | ૮-૭-૧૭ | શનિવાર | સાબરમતી | ચોમાસી ચૌદશની આરાધના |
| અષાઢ સુદ ૧૫ | ૯-૭-૧૭ | રવિવાર | સાબરમતી | શ્રમણ સંમેલન ઠરાવનું વાંચન |
| અષાઢ વદ ૨ | ૧૧-૭-૧૭ | મંગળવાર | સાબરમતી | પૂ.ગચ્છાધિપતિશ્રીના ૮૧ મા જન્મદિન નિમિત્તે સપ્તર્ષિ વંદના |
| અષાઢ વદ ૫ | ૧૪-૭-૧૭ | શુક્રવાર | સાબરમતી | સામૂહિક સિદ્ધિતપનો શુભારંભ |
| અષાઢ વદ ૭ | ૧૬-૭-૧૭ | રવિવાર | સાબરમતી | રવિવારીય શિબિરનો પ્રારંભ |

-: ચાતુર્માસ સરનામું :-

**શાંતાબેન ગાંડાલાલ ફકીરચંદ આરાધના ભવન**

ચિંતામણિ વિલાની સામે, નવબંગલા પાસે, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

ફોન : ૦૭૯-૨૭૫૨૭૯૯૯ (વસંતભાઈ)

-: સંપર્ક સૂત્ર - પત્ર વ્યવહાર :-

**રૂપેશભાઈ** : ૯૮૨૪૦૩૮૯૪૮

**જયેશભાઈ સી. ભણસાલી** - રૂચી ડાયમન્ડ : એસ/૬, વિશાલ કોમર્શીયલ સેન્ટર, દિનેશ હોલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૬૫૮૪૯૩૯, ૨૬૫૮૧૧૦૮ મો. ૯૫૩૭૦૧૬૯૦૯

# સમાચાર સાર

**બીજાપુર-કર્ણાટક :**

પૂજ્ય આચાર્ય**શ્રી અભયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય ઉપાધ્યાય**શ્રી કનકસુંદરવિજયજી મહારાજ સાહેબ** આદિ ગુરુવર્યોના પવિત્ર સામ્રાજ્યે પૂજ્ય પંન્યાસ**શ્રી હીરચન્દ્રવિજયજી મહારાજ**નો વૈશાખ સુદ ૧૦ થી વૈશાખ સુદ ૧૨ ના ત્રિદિવસીય આચાર્યપદ પ્રદાનનો મહોત્સવ ઘટ-ઘટમાં 'નમો આયરિયાણં'ના નાદને ગુંજવનારો બન્યો. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુનો શાંતિધારા સમેત અભિષેક, ભક્તિ સંધ્યા, ૧૧ ગણધરોનો 'ગુરુ પાદ પૂજન' અનુષ્ઠાન, પૂજ્યોના પ્રેરક પ્રવચન, વિશિષ્ટ ઉજવણી સાથે પદપ્રદાન આદિ વિશેષ અનુષ્ઠાનોએ ભાવુકોને ૩૬ ગુણમય આચાર્યપદના ઉદ્યાનમાં લટાર મરાવી હતી.

સમગ્ર પ્રસંગ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન સંઘ-પાર્શ્વનાથ ભવન, વિજયપુરના ઉપક્રમે ખૂબ જ ઉલ્લાસથી ઉજવાયો. પદવીના પ્રસંગે માંગલિક રૂપે શ્રી સંઘમાં એક ધાનના આયંબિલનું આયોજન થયું હતું. તથા પૂજ્ય દાદા ગુરુદેવ**શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પુણ્ય સ્મૃતિમાં બે દ્રવ્યના એકાસણાનું આયોજન થયેલ.

**સોનગઢ :**

શ્રી વર્ધમાન વાલકેશ્વર જૈન સંઘ-મુંબઈ આયોજિત પૂજ્ય આચાર્ય**શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી મેઘ-ઉદય-હૃદયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ સૂરિવરો-મુનિવરોના પુણ્ય પ્રભાવક સામ્રાજ્યે 'શાસન સ્પર્શના શિબિર'નો માહોલ તા. ૧૮ મે થી ૨૫ મે ના શાસનરાગના ચોલમજીઠ રંગને લગાવનારો બન્યો. મુંબઈ, સુરત, અમદાવાદ, ભાવનગર, પૂના, જયપુર, દિલ્હી, ખંભાત આદિ અનેક સ્થળેથી આવેલા ૩૫૦ જેટલા કોલેજીયન યુવાનોને દરરોજ ત્રણ વાચનાઓ દ્વારા જૈન સિદ્ધાંત, ઈતિહાસ, પ્રભુભક્તિના પદાર્થો પૂજ્યો દ્વારા પીરસાતા હતા.




શ્રી શત્રુંજય વંદના, આદિનાથ વંદના, પાર્શ્વવંદના, વીરવંદના, શાસનવંદના, માતૃવંદના, કેસરીયો રંગ, ૬ લેશ્યાનું તાત્ત્વિક સ્વરૂપ, આત્માની સિદ્ધિ, ષડ્જીવ નિકાયનું સ્વરૂપ તથા સિદ્ધિ, ૧૦ત્રિક, અષ્ટપ્રકારી પૂજાના રહસ્યો આદિ અનેક તાત્ત્વિક-સાત્ત્વિક વિષયોના પ્રવચનો, બુદ્ધિની ધાર કાઢતા પ્રશ્નોત્તરો, તાર્કિક વિશ્લેષણ, પ્રતિભા ખીલવતી સ્પર્ધા, કુમારપાળ મહારાજાની આરતી, ક્વીઝ કોન્ટેસ્ટ આદિ અનેક કાર્યક્રમોએ યુવાનોને પ્રભુશાસનની અહોભાવિત કર્યા હતા.

સમગ્ર શિબિરનું સંચાલન **શ્રી ઉર્વિલભાઈ વખારીયા (બોરીવલી)** એ કર્યું હતું. અને **શ્રી પીયૂષભાઈ (બોરીવલી)**એ યુવાનોને વિધ-વિધ સંગીત પીરસીને પ્રભુભક્તિમાં આકર્ષિત કર્યા હતા.

**બમોરા-નીમચ-રાજસ્થાન :**

પૂજ્ય આચાર્ય**શ્રી પદ્મભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી નિપુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ શ્રમણગણના સોહામણી નિશ્રાએ **શ્રીમતી શાંતાબેન મોહનલાલજી ઝવેરચંદજી ઝવેરી** એવં **કીર્તિકુમાર, પરેશ ઝવેરી ખેરલાવવાલા (તારાબાગ)-મુંબઈ** દ્વારા સ્વદ્રવ્ય નિર્મિત જિનાલયમાં શ્રી વિમલનાથ ભગવાન, શ્રી મુનિસુવ્રતસ્વામિ ભગવાન, શ્રી મહાવીર સ્વામિ ભગવાનની પ્રતિષ્ઠાનો મહોત્સવ જેઠ વદ ૧૦, તા.૧૯-૬-૧૭ના ભક્તોની ભીડ સાથે ઉજવાયો. વિશિષ્ટ અંગરચના, ફૂલેચુંદડી, ભક્તિસંધ્યા, પ્રવચન, રથયાત્રા, શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા આદિ વિધ-વિધ અનુષ્ઠાનોએ પ્રભુભક્તિનો રસ હૃદયમાં ઘુંટાવ્યો હતો.

**સુરત :**

સિદ્ધાંત મહોદધિ સ્વ.પૂજ્ય આચાર્ય**શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ વર્ષે વૈશાખ વદ ૧૧, તા.૨૨-૫-૧૭ના સ્વર્ગારોહણ તિથિ દિને સુરતના ૨૦ સંઘોમાં સામૂહિક બે દ્રવ્યના એકાસણા સહ ભવ્ય ગુણાનુવાદ પૂજ્ય આચાર્ય**શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ સૂરિવરો-મુનિવરોની વૈરાગ્ય નીતરતી આત્માએ સુંદર રીતે થયો. વિવિધ આત્માઓ દ્વારા ભિન્ન-ભિન્ન સંઘોમાં દર્શાવાયેલ પૂજ્યશ્રીના ગુણખજાનાને પામીને શ્રી સંઘના આરાધકોને પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનનો ગુણવૈભવ ચિત્તને ચમત્કૃત કરનારો થયો હતો.

**વ્યારા :**

પરમ પૂજ્ય આચાર્ય**શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** બારડોલી ચાતુર્માસાર્થે વિહાર યાત્રામાં આવતા ટીંબા, બોધાન, માંડવી, કડોદ, મઢી આદિ અનેક નાના-નાના ગામોમાં પ્રવચન દ્વારા અદ્ભુત માહોલનું સર્જન કરી પૂજ્ય સિદ્ધાંત મહોદધિ આચાર્ય**શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની કર્મભૂમિ વ્યારામાં ૮ દિવસીય સ્થિરતા કરી. પૂજ્યશ્રીના દૈનિક હૃદયસ્પર્શી પ્રવચનોએ જૈન-જૈનેત્તર પ્રજામાં હૃદય પરિવર્તન થયું હતું.

ભારત સરકાર તરફથી એનાયત કરાયેલ 'પદ્મભૂષણ'ના વધામણાં કરવા શ્રી વ્યારા જૈન સંઘ, નગરપાલિકા-વ્યારા, સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી તેરાપંથી સંઘ, શ્રી દિગંબર જૈન સંઘ, દશા સોરઠીયા સમાજ, બુદ્ધ સમાજ, પટેલ સમાજ, સીનીયર સીટીઝન ક્લબ, ભગિની સમાજ, પ્રજાપતિ સમાજ, શ્રી દશાશ્રીમાળી પંથ, અગ્રવાલ સમાજ, શ્રી હોમીયોપેથિક કોલેજ આદિ અનેક સંસ્થાઓ દ્વારા અભિવાદન કરાયું હતું. પૂજ્યશ્રીએ અનેકનો પ્રેમ સંપાદન કરી જોરદાર માહોલ સર્જ્યો છે.

**સુરત :**

પૂજ્ય આચાર્ય**શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ સૂરિવરોના ધર્મ પ્રભાવક સામ્રાજ્યે હૈદરાબાદ નિવાસી **શા. હાર્દિક દેવીચન્દજી બાફના પરિવાર**ના ચિરંજીવ **યશકુમાર**નો આત્માથી પરમાત્મા બનવા માટેની કૂચ સ્વરૂપ પ્રવ્રજ્યોત્સવ વૈશાખ સુદ ૧૦ થી વૈશાખ સુદ ૧૨ના શ્રી ઉમરા જૈન સંઘના ઉપક્રમે સિદ્ધચક્રપૂજન, વિશિષ્ટ પ્રવચન આદિ વિધ-વિધ કાર્યક્રમ સાથે ઉમંગભેર સંપન્ન થયો.

**સુરત :**

શ્રી ત્રિકમનગર જૈન સંઘ-સુરતના આંગણીયે પૂજ્ય આચાર્ય**શ્રી કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સોહામણા સાન્નિધ્યે વૈશાખ વદ ૧૧, તા.૨૨-૫-૧૭ ના સૂરિ પ્રેમ સ્વર્ગારોહણ અર્ધશતાબ્ધિ વર્ષે બ્રહ્મચર્ય સમ્રાટ, સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી આરાધના ભવનના ઉદ્ઘાટનનો ઉત્સવ શ્રી સંઘના ઉલ્લાસમય વાતાવરણે સાનંદ સંપન્ન થયો.

**ખેરોજ-સાબરકાંઠા :**

શ્રી ખેરોજ નૂતન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના આંગણીયે પૂજ્ય મુનિરાજ**શ્રી યુગરત્નવિજયજી મહારાજ**, પૂજ્ય મુનિરાજ**શ્રી યશોજયરત્નવિજયજી મહારાજ**ની શુભંકર નિશ્રાએ જેઠ સુદ ૨ ના ઉત્તમપળે શ્રી નમિનાથ દાદા, શ્રી શાંતિનાથ દાદાના જિનાલયની ૪૭ મી સાલગિરિ-ધ્વજારોહણ પ્રસંગ પંચદિવસીય મહોત્સવ અંતર્ગત પરમાત્મ ભક્તિની રમઝટ સાથે રંગેચંગે ઉજવાયો.

**બોરીવલી :**

પૂજ્ય આચાર્ય**શ્રી વરબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્ય**શ્રી કુલબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ ગુરુભગવંતોના પુણ્યવંતા સામ્રાજ્યે **શ્રીમતી હંસાલક્ષ્મીબેન કાંતિલાલ મગનલાલ દોશી પરિવાર**ના **શ્રીમતી સોનાલીબેન જયેશભાઈ દોશી (મોણપુર)**ના ગૃહ આંગણીયે શ્રી અજિતનાથ પ્રભુના અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠાનો ઉત્સવ જેઠ વદ ૬ થી જેઠ વદ ૧૦ ના પંચદિવસીય મહોત્સવે ઠાઠ-માઠથી ઉજવાયો. ૧૮ અભિષેક, પંચકલ્યાણક વિધાન, અધિવાસના, અંજનવિધિ, શાંતિસ્નાત્ર, પ્રતિષ્ઠા આદિ પ્રભુભક્તિના કાર્યક્રમોએ પરિવાર તથા શ્રી સંઘને ઓળઘોળ કર્યા હતા.

**મુંબઈ :**

પૂજ્ય આચાર્ય**શ્રી મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ મુનિગણની પાવનકારી નિશ્રાએ **માતુશ્રી મણિબેન નરશી વીજપાર ચરલા-ગીરગામ (મુંબઈ) પરિવાર**ના ઘરાંગણે સન્મતિદાય શ્રી સુમતિનાથ દાદાના પ્રાણપ્રતિષ્ઠા-અંજનશલાકાનો ઉત્સવ વૈશાખ સુદ ૧૪ થી વૈશાખ વદ ૬ની ભીની ભીની પળોમાં ભક્તિમય

વાતાવરણે સંપન્ન થયો. કુંભસ્થાપનાદિ, પંચકલ્યાણક વિધાન, વીસસ્થાનક પૂજન, 'ઓ સંયમ સાધક શૂરવીરો' વિશિષ્ટ કાર્યક્રમ, 'મારો ધન્ય બન્યો આજે અવતાર મળ્યા મને પરમાત્મા' નામે કેવળજ્ઞાન કલ્યાણક ઉજવણી આદિ અનેક અનુષ્ઠાનોએ ભક્તોના હૃદયમાં ભક્તિની ભીનાશ પાથરી હતી.

**પાલીતાણા :**

શ્રી શત્રુંજય મહાતીર્થ પર ધનવસીટુંક મધ્યે પૂજ્ય આચાર્ય**શ્રી વિજય અક્ષયબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પ્રેરણા-નિશ્રામાં વર્તમાન ૨૪ અને વિહરમાન ૨૦ એમ ૪૪ પરમાત્માનો ભવ્ય અંજનશલાકા યુક્ત ઐતિહાસિક પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨ થી ૮ જુન સુધી ઉજવાયો. જેમાં દુબઈ, મસ્કત, બેહરીન, બેંગકોંગ, અમેરિકા વગેરેના સેંકડો એન.આર.આઈ. જોડાયા હતા. ઓશવાળ આરાધના ગૃહમાં પંચકલ્યાણક મહોત્સવ વિધાન ખુબ જ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયેલ. બાજુના દેરાસરે જુની દેરીના જિર્ણોદ્ધાર કરેલ. સંગેમરમરના નૂતન સમવસરણ દેરીમાં ૪૪ પ્રભુનો પ્રવેશ તથા પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવેલ. આ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવની પ્રશસ્તિ માત્ર પાલિતાણામાં જ નહિ સમગ્ર દેશ-વિદેશમાં ગવાઈ.

**: શેષ-અશેષ :**

- પૂજ્ય આચાર્ય**શ્રી પુણ્યરત્ન-યશોરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ સપરિવાર** પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ના દર્શન-વંદનાર્થે પધારી આંબાવાડીમાં પૂજ્યશ્રીની નિશ્રામાં સ્થિરતા કરેલ.
- પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શુભ નિશ્રામાં વૈશાખ વદ ૧૦ના શાહીબાગ-કુશલવાટિકામાં ધ્વજારોહણ અને વૈશાખ વદ ૧૧ ના **રાકેશભાઈ છાજેડ**ના ગૃહમંદિરે બે પરમાત્માનો પ્રવેશ વિધિ ઉત્સાહપૂર્વક સંપન્ન થયેલ.
- સેટેલાઈટ-સોમેશ્વર જૈન સંઘમાં **હસમુખભાઈ ચુડગર** સ્વદ્રવ્યથી નિર્માણ કરેલ જિનાલયમાં ભરૂચથી પધારેલ પ્રાચીન શ્રી શાંતિનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા વૈશાખ વદ ૧૨ ના થઈ. આ પ્રસંગે પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ પધારેલ.
- તપસ્વીની સુશ્રાવિકા **નીલાબેન પ્રકાશભાઈ કાંકરીયા** વર્ધમાન તપની સળંગ ૪૯-૫૦ મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદર-મહાબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના પગલા થયા.
- પૂજ્ય પંન્યાસ**શ્રી કૃપાબિંદુવિજયજી મહારાજ**ના ભગવતીસૂત્રના યોગોદ્વહન પૂર્ણાહુતિ નિમિત્તે પૂજ્ય આચાર્ય**શ્રી જયસુંદર સૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ પૂજ્યોના સુશ્રાવક **સંજયભાઈ**ના ગૃહાંગણે પગલા પ્રવચન થયા.
- પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી**ના દર્શન-શાતા પૃચ્છાર્થે પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી પુણ્યપાલ સૂરિ મહારાજ** (પૂજ્ય આચાર્ય**શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના સમુદાયના) સપરિવાર પંકજ સોસાયટી શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિરે પધારેલા.
- શ્રી નિલહર્ષ સોસાયટીના અભિનવ જિનાલયના ૨૮૦૦ વર્ષ પ્રાચીન મૂળનાયકશ્રી મુનિસુવ્રત સ્વામીના દર્શનાર્થે સોસાયટીની વિનંતીથી પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી** સપરિવાર પધારેલ.
- જેઠ વદ ૪ ના ગણનાયક**શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ**ની તિથિ નિમિત્તે **ચંપકભાઈ**ના ગૃહાંગણે પૂજ્ય આચાર્ય**શ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શુભનિશ્રામાં ગુણાનુવાદ સભા થયેલ. પૂજ્ય આચાર્ય**શ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે** ગુણાનુવાદ કરેલ.
- પૂજ્ય ગચ્છાધિપતિશ્રીના દર્શના વંદનાર્થે પૂજ્ય આચાર્ય**શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબ** (ભક્તિયોગાચાર્ય), પૂજ્ય આચાર્ય**શ્રી રાજપુણ્યસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પૂજ્ય આચાર્ય**શ્રી ભાગ્યેશવિજયજી સૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ પૂજ્યો પધારેલ.
- જેઠ વદ ૧૧ ના સ્વ. પરમ ગુરુદેવ**શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની માસિક સ્વર્ગારોહણ તિથિ (અર્ધશતાબ્દી) નિમિત્તે શ્રી પંકજ જૈન સંઘમાં ગુણાનુવાદ તથા બે દ્રવ્યના સામૂહિક ૧૦૦ એકાસણા થયેલ. દરેકને ૫૦ રૂા. નું સંઘપૂજન થયું.

(અનુસંધાન પાના નં. ૧૫૬ નું)

**વડીદીક્ષા :**

જેઠ સુદ ૯ શનિવાર તા.૩-૬-૧૭ ના સવારે ૧૦-૦૦ કલાકે મુનિ**શ્રી દેવદૂષ્યવિજયજી મહારાજ**ની વડીદીક્ષાની વિધિ થઈ. આ પ્રસંગ દરમિયાન ઉપાસના મંદિરના બાળકોએ વિવિધ નૃત્ય/નાટિકા કરેલ. શ્રી શાંતિનગર જૈન સંઘની વિનંતીને માન આપી પૂજ્ય આચાર્ય**શ્રી દર્શનવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના ચાતુર્માસની જય બોલાયેલ. પૂજ્ય પંન્યાસ**શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મહારાજ** સંપાદિત 'પર્યુષણ-સ્તવનાદિ સંપુટ' પુસ્તિકાનું વિમોચન થયેલ. વડી દીક્ષા વિધિ પૂર્ણ થયા બાદ પરિવાર દ્વારા લીલા નાળીયેરની પ્રભાવના થયેલ. શ્રી આંબાવાડી અને શાંતિનગર જૈન સંઘ વતી ૧૦ રૂા. નું સંઘપૂજન થયેલ. આ પ્રસંગે પૂજ્ય **ગચ્છાધિપતિશ્રી** તેમજ પૂજ્ય આચાર્ય**શ્રી હેમચંદ્ર-જગચ્ચંદ્ર-જયસુંદર-મહાબોધિ-કલ્યાણબોધિ-દર્શનવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ** આદિ પૂજ્યો પધારેલ.

**ગુણાનુવાદ સભા :**

રાજનગરમાં આંબાવાડી જૈન સંઘમાં અંતિમ ચાતુર્માસ કરી સુરત તરફ પધારેલા સ્વ. પૂજ્ય આચાર્ય**શ્રી મુક્તિદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની ગુણાનુવાદ સભા જેઠ સુદ ૧૦ના રવિવારે આંબાવાડી સંઘમાં યોજાઈ. સવારે ૯-૧૫ થી ૧૧-૩૦ સુધી ચાલેલી આ ધર્મસભામાં પૂજ્ય આચાર્ય**શ્રી હેમચંદ્ર-જયસુંદર-મહાબોધિ-કલ્યાણબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય પંન્યાસ**શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મહારાજે** સ્વર્ગસ્થ સૂરિભગવંતના વિવિધ આયામથી ગુણાનુવાદ કર્યા. પ્રવચનાંતે ૧૦ રૂા. નું સંઘપૂજન થયું તેમજ સ્વ. પૂજ્યશ્રીના અંતિમ પ્રવચનની પુસ્તિકાનું વિતરણ થયું.

**શ્રી સંઘમાન્ય જિનાજ્ઞા પંચાંગ**

**વિ.સં. ૨૦૭૩ ઈ.સ. ૨૦૧૭**

**અષાઢ - ૩૦**
**૨૫ જૂન થી ૨૩ જુલાઈ**

**• સુદ •** ૧ ક્ષય ૧૩ વૃદ્ધિ

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૨ | રવિ | ૨૫જૂન |
| ૩ | સોમ | ૨૬ |
| ૪ | મંગળ | ૨૭ |
| ૫ | બુધ | ૨૮ |
| ૬ | ગુરુ | ૨૯ |
| ૭ | શુક્ર | ૩૦ |
| ૮ | શનિ | ૧જુલા. |
| ૯ | રવિ | ૨ |
| ૧૦ | સોમ | ૩ |
| ૧૧ | મંગળ | ૪ |
| ૧૨ | બુધ | ૫ |
| ૧૩ | ગુરુ | ૬ |
| ૧૩ | શુક્ર | ૭ |
| ૧૪ | શનિ | ૮ |
| ૧૫ | રવિ | ૯ |

સુદ-૬, ગુરુ : પ્રભુ વીર ચ્યવન કલ્યાણક
સુદ-૧૪, શનિ:ચોમાસી ચૌદશ
વદ-૨, મંગળ : પૂ.ગ.શ્રી જયઘોષ સૂ.મ.નો ૮૨ મો જન્મદિન

**રોહિણી :** સુદ-૧૨, ગુરુ
**પુષ્ય :** તા.૨૫ જૂન ૨૩.૨૭ થી તા.૨૬ જૂન ૨૧.૨૫ તથા ૨૩ જુલાઈ ૦૯.૫૫ થી શરૂ
**વિંછૂડો:** તા.૪ જુલાઈ ૨૨.૪૪ થી તા.૭ જુલાઈ ૧૧.૨૨
**પંચક:** તા.૧૨ જુલાઈ ૧૦.૦૩ થી તા.૧૬ જુલાઈ ૨૪.૨૦
**કુંભ ચક્ર :** તા.૨૮ જૂન ૧૯.૧૯ થી તા.૮ જુલાઈ ૧૪.૧૧ તથા તા.૧૭ જુલાઈ ૨૩.૧૮ થી તા.૨૬ જુલાઈ ૦૯.૫૫

શુભ દિન

**• વદ •** ૧૦ ક્ષય

| તિથી | વાર | તા. |
|---|---|---|
| ૧ | સોમ | ૧૦ |
| ૨ | મંગળ | ૧૧ |
| ૩ | બુધ | ૧૨ |
| ૪ | ગુરુ | ૧૩ |
| ૫ | શુક્ર | ૧૪ |
| ૬ | શનિ | ૧૫ |
| ૭ | રવિ | ૧૬ |
| ૮ | સોમ | ૧૭ |
| ૯ | મંગળ | ૧૮ |
| ૧૧ | બુધ | ૧૯ |
| ૧૨ | ગુરુ | ૨૦ |
| ૧૩ | શુક્ર | ૨૧ |
| ૧૪ | શનિ | ૨૨ |
| ૩૦ | રવિ | ૨૩ |

## સમાચાર દર્પણ

### સુવિશાલ ગચ્છાધિપતિશ્રી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં સમગ્ર રાજનગર મધ્યે થયેલ શાસન પ્રભાવનાના અનુમોદનીય સમાચાર

**સૂરિપ્રેમ ગુણાનુવાદ સભા :**

સિદ્ધાંત મહોદધિ, સુવિશાલ ગચ્છાધિપતિ, કર્મસાહિત્ય નિષ્ણાત, સ્વ. પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની ૫૦ મી સ્વર્ગારોહણ તિથિના પ્રારંભ નિમિત્તે વૈશાખ વદ ૧૧, સોમવાર તા.૨૨-૫-૧૭ના સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ સૂરિપ્રેમ કૃપાપ્રાપ્ત, સિદ્ધાંત દિવાકર પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં આંબાવાડી જૈન સંઘમાં ગુણાનુવાદ સભાનું આયોજન થયેલ. જેમાં પૂજ્ય આચાર્યશ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**, પૂજ્ય આચાર્યશ્રી **કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય મુનિશ્રી **લબ્ધિનિધાનવિજયજી મહારાજે** સ્વર્ગસ્થ ગુરુદેવશ્રીના ગુણોને ઉજાગર કરેલ. પ્રવચનાંતે શ્રી સંઘમાં સારી સંખ્યામાં બે દ્રવ્યના એકાસણા થયેલ. સેટેલાઈટ-સોમેશ્વર જૈન સંઘમાં પૂજ્ય આચાર્યશ્રી **જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ની શુભનિશ્રામાં સ્વ. પૂજ્યશ્રીના ગુણાનુવાદ થયેલ. પૂજ્ય આચાર્યશ્રી **રાજહંસસૂરીશ્વરજી મહારાજ સાહેબ** (શાસનસમ્રાટ સમુદાયના) તથા પૂજ્ય પંન્યાસશ્રી **નંદીભૂષણ વિજયજી મહારાજે** પણ ગુણાનુવાદ કરેલ.

શ્રી ગીરધરનગર જૈન સંઘમાં સૂરિપ્રેમની ગુરુમૂર્તિની સસ્વાગત શોભાયાત્રા વૈશાખ વદ ૧૦ ના નીકળેલ. ત્યારબાદ પૂજ્ય આચાર્યશ્રી **યશોરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ** તથા પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિ સૂરીશ્વરજી મહારાજ સાહેબે** સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરેલ. બીજા દિવસે વૈશાખ વદ ૧૧ ના સંગીત સહ સૂરિપ્રેમના અષ્ટકના આધારે પૂજ્યશ્રીના સંઘર્ષકાળ-સાધનાકાળ-સિદ્ધિકાળનું પૂજ્ય આચાર્યશ્રી **મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે** સુંદર વર્ણન કરેલ. શ્રી સંઘમાં ૧૫૦થી વધુ સંખ્યામાં બે દ્રવ્યના એકાસણા થયેલ.

**(અનુસંધાન પાના નં. ૧૫૫ ઉપર)**

## તારક જિનાજ્ઞા

- **सर्वजन्तुहिताऽऽज्ञैवा-ज्ञैव मोक्षैकपद्धतिः । चरिताज्ञैव चारित्रं, आज्ञैव भवभञ्जनी ॥**

  આજ્ઞા જ સર્વ જીવોનું હિત કરનાર છે. આજ્ઞા જ મોક્ષનો એકમાત્ર માર્ગ છે. આજ્ઞાનું આચરણ જ ચારિત્ર છે. આજ્ઞા જ સંસારનો નાશ કરનાર છે. **(યોગસાર-૧/૨૭)**

- **धनं न केषां निधनं गतं वै ?, दरिद्रिणः के धनिनो न दृष्टाः ? दुःखैकहेतौ विभवेऽतितृष्णां, त्यक्त्वा सुखी स्यादिति मे विचारः ॥**

  કોનું ધન નષ્ટ નથી થયું ? ક્યા ધનવાનને દરિદ્ર થયેલા નથી જોયા ? માટે દુઃખના જ કારણ એવા વૈભવની અતિશય તૃષ્ણાને તજીને સુખી થા - એમ મારી ભલામણ છે. **(હૃદય પ્રદીપ ષટ્ત્રિંશિકા-૭)**

- **चतुर्वर्गेऽग्रणीर्मोक्षो, योगस्तस्य च कारणम् । ज्ञानश्रद्धानचारित्र-रूपं रत्नत्रयं च सः ॥**

  ચાર પુરુષાર્થમાં મોક્ષ પ્રધાન છે અને યોગ તેનું કારણ છે. અને તે યોગ સમ્યગ્ જ્ઞાન, શ્રદ્ધા (દર્શન) અને ચારિત્રરૂપ રત્નત્રયી સ્વરૂપ છે. **(યોગશાસ્ત્ર-૧/૧૫)**

- **दोसा जेण निरुज्झंति, जेण छिज्जंति पुव्वकम्माइं । सो सो मोक्खोवाओ, रोगावत्थासु समणं व ॥**

  જેમ રોગ અવસ્થામાં જે શમન કરે, તે ઔષધ કહેવાય; તેમ જેના વડે દોષો નાશ પામે, પૂર્વે બાંધેલા કર્મો નાશ પામે - તે તે મોક્ષનો ઉપાય છે. **(ચલિલક્ષણ સમુચ્ચયાદિ)**

### ભુવનભાનુનાં અજવાળાં

**માનવકાળે જે કરો છો, તે શું બીજી ગતિઓના કાળમાં નહોતું કર્યું ?**

• સૌજન્ય •

**સમાજ ભૂષણ શ્રી બાબુભાઈ પી. સંઘવી**
**કે. પી. સંઘવી - સુરત/માલગામ, મુંબઈ**

### જિનશાસનનો જયઘોષ

**સદ્ધ્યાનમાં રહે, એને વિપુલ સુખનો અનુભવ થાય.**

• સૌજન્ય •

**સમાજ ભૂષણ શ્રી બાબુભાઈ પી. સંઘવી**
**કે. પી. સંઘવી - સુરત/માલગામ, મુંબઈ**

**FROM :**

**તારક જિનાજ્ઞા**
C/o. દિવ્ય દર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા. જિ. અમદાવાદ.
**PIN : 382225.** (ગુજરાત)

**BOOK-POST**

**TO,**

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : દિવ્ય દર્શન ટ્રસ્ટ-કુમારપાળ વિ. શાહ**-૩૯, કલિકુંડ સોસાયટી, **કલિકુંડ, ધોળકા.** જિ. અમદાવાદ. **PIN : 382225.**
**મુદ્રણ સ્થાન :** બ્રિજેશ પ્રિન્ટીંગ પ્રેસ - એસ.ટી.સ્ટેન્ડ પાસે, મલાવ રોડ, ધોળકા. જિ. અમદાવાદ.